સુવિચાર

જો તમે હારને કારણે પ્રયાસ કરવાનું બંધ કરો છો, તો તે તમારી સૌથી મોટી હાર છે!

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:9, Issue: 221, Dt.01-07-2024 (Monday)

Email ; saurashtrakranti@gmail.com

FOLLOW US!

saurashtrakranti
Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2024-26,VALID UP TO 31-12-2026 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧


# માણાવદરમાં ૧૦ ઈંચ, ખંભાળીયા-વિસાવદર ૭ ઈંચ વરસાદ

## ગોંડલ-રાજકોટ-બાબરા સવા ૪।, દ્વારકા ૩।।, મેંદરડા-ધોરાજી-જેતપુર-કોટડાસાંગાણી-૫, ઉપલેટા-પડધરી-૪ ઈંચ વરસાદ નોંધાયો





રાજકોટ તા.૧

જુનાગઢ જીલ્લાના માણાવદરમાં આભ ફાટયું હોય તેમ ૧૦ ઈંચ વરસાદ વરસ્યો છે. ખંભાળીયા વિસાવદર ૭ ઈંચ વરસાદ પડયો છે. જુનાગઢ જિલ્લામાં મોડી રાત્રીથી મેઘો મંડાયો છે અને તેમાં માણાવદર પંથકમાં આભ ફાટયું હોય એવી સ્થિતિ સર્જાયેલ છે. માણાવદર અને તેની આસપાસના વિસ્તારોમાં ૧૦ ઈંચ વરસાદ થતાં સર્વત્ર પાણી પાણી થઈ ગયું છે. સમગ્ર જૂનાગઢ જિલ્લામાં સાર્વત્રિક વરસાદથી ખેડૂતો ખુશખુશાલ થઈ ગયા છે.

માણાવદર પંથકમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાયેલ છે. રાત્રિના બે વાગ્યાથી છ વાગ્યા સુધીમાં માણાવદર ખાતે ૨૧૦ મિમી એટલે કે આઠ ઈંચ કરતા વધારે પાણી પડ્યાનું નોંધાયું હતું. આ પછી પણ આજે બીજા દિવસે માણાવદર વિસ્તારમાં વરસાદ ચાલુ હોવાથી સવારના ૬ થી ૮ દરમિયાન વધુ ૩૬ મીમી વરસાદ થતાં અત્યાર સુધીમાં એટલે કે રાત્રે બે વાગ્યાથી સવારના ૮ વાગ્યા સુધીમાં ૧૦ ઈંચ કરતા વધારે વરસાદ થયો છે જેના પરિણામે જનજીવનને ભારે અસર થઈ છે. માણાવદર તાલુકામાં મોડી રાત્રીથી મેઘો મંડાયો હોય નદી નાળાઓમાં પુર આવ્યા છે.

સવારે પૂરા થયેલા ૨૪ કલાક દરમિયાન વંથલી તાલુકામાં ૧૫૪ મીમી, વિસાવદરમાં ૧૦૩ મીમી, મેંદરડા ખાતે ૧૨૮ મીમી, કેશોદમાં ૭૦ મીમી, માંગરોળમાં ૩૦મીમી અને માળીયાહાટીના તાલુકામાં ૫૫ મીમી વરસાદ નોંધાયો હતો.


આ પછી પણ આજે સવારે સતત બીજા દિવસે પણ જુનાગઢ જિલ્લામાં મેઘરાજાએ મુકામ કર્યો હોય સવારના ૬ થી ૮ દરમિયાન માણાવદર વિસ્તારમાં ૩૬ મીમી, વંથલીમાં ૫૪ મીમી, ભેસાણમાં ૧૫મીમી, વિસાવદર તાલુકામાં ૭૭ મીમી, મેંદરડામાં ૨૭મીમી, કેશોદ પંથકમાં ૨૬મીમી, માંગરોળમાં ૨૯ અને માળીયાહાટીના તાલુકામાં ૨૨મીમી વરસાદ નોંધાયો છે.

ખંભાળિયામાં આજે વહેલી સવારે છ થી આઠ સાડા ચાર ઈંચ જેટલો ભારે વરસાદ ઠેર પાણી ભરાયા તળાવો ચેક ડેમો પાણીથી ભરાઈ ગયા કલ્યાણપુર તાલુકામાં બે ઈંચ વરસાદ તથા ભાણવડમાં પૂર્ણ ઈંચ વરસાદ દ્વારકામાં ગઈકાલે રાત્રે ધોધમાર સાડા સાત ઈંચ વરસાદ પડ્યો.

કોડીનાર પંથકમાં ગઈકાલે રાત્રીનાં આઠ થી આજ સવારના આઠ સુધીમાં કુલ ત્રણ ઈંચ વરસાદ પડયો છે.

ભાવનગર શહેર અને જિલ્લામાં સતત ત્રીજા દિવસે વરસાદી માહોલ જળવાઈ રહ્યો છે. ભાવનગર જિલ્લાના મહુવા તાલુકા દોઢ ઈંચ ધોધમાર વરસાદ વરસ્યો હતો.

# શેરબજારઃ સેન્સેક્સ ૭૯,૦૦૦ અને નિફ્ટી ૨૪,૦૦૦ પર ટ્રેડ થઈ રહ્યો છે



મુંબઈ, તા.૧

શેરબજારમાં આજે ફ્લેટ ટ્રેડિંગ જોવા મળી રહ્યું છે. બજાર ખૂલતા જ સેન્સેક્સ ૭૯,૦૦૦ અને નિફ્ટી ૨૪,૦૦૦ના સ્તર પર ટ્રેડ કરી રહ્યો હતો. તે સમયે સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૧૭માં વધારો અને ૧૩માં ઘટાડો જોવા મળી રહ્યો હતો.

આજે આઈટી અને બેન્કિંગ શેર્સમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. અગાઉ ૨૮ જૂને શેરબજારે સતત ચોથા દિવસે સર્વકાલીન ઉચ્ચ સ્તર બનાવ્યું હતું. શુક્રવારે ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સ ૭૯,૬૭૧ના સ્તરને સ્પર્શ્યો હતો અને નિફ્ટી ૨૪,૧૭૪ના સ્તરને સ્પર્શ્યો હતો.

એશિયાઈ બજારમાં નિક્કેઈમાં ૦.૨૦%થી વધારેની તેજી છે. સ્ટ્રેટ ટાઈમ્સ ૦.૧૦% ચઢ્યું છે. હેંગસેંગ લગભગ ફ્લેટ ટ્રેડ કરી રહ્યો છે. તાઈવાન વેટેડમાં ૦.૫૦%ની તેજી છે. કોસ્પી લગભગ ૦.૨૦% મજબૂત થઈ છે. શંઘાઈ કંપોઝિટમાં ૦.૧૫%ની તેજી જોવા મળી રહી છે.

જૂન મહિનાના ઓટોમોબાઈ સેલ્સના આંકડા પર બજારની નજર છે. તે આજે એટલે, ૧ જુલાઈના રોજ જાહેર કરવામાં આવશે. ટૂવ્હીલર્સ અને પેસેન્જર વ્હીકલ્સની સેલ્સમાં ગ્રોથની આશા છે. કોમર્શિયલ વ્હીકલ્સ સેગમેન્ટમાં સેલ્સ ફ્લેટ રહેવાનો અંદાજો છે.

અગાઉ, છેલ્લા ટ્રેડિંગ સપ્તાહના અંતિમ દિવસે એટલે કે ૨૮ જૂને, શેરબજારે સતત ચોથા દિવસે સર્વકાલીન ઉચ્ચ સ્તર બનાવ્યું હતું. શરૂઆતના ટ્રેડિંગ દરમિયાન, સેન્સેક્સે ૭૯,૬૭૧ની ઊંચી સપાટી બનાવી અને નિફ્ટીએ ૨૪,૧૭૪ની ઊંચી સપાટી બનાવી.

જોકે બાદમાં બજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. દિવસભરના કારોબાર બાદ સેન્સેક્સ ૨૧૦ પોઈન્ટના ઘટાડા સાથે ૭૯,૦૩૨ પર બંધ રહ્યો હતો. તે જ સમયે, નિફ્ટી પણ ૩૩ પોઈન્ટ ઘટીને ૨૪,૦૧૦ના સ્તર પર બંધ થયો હતો.

## આજથી નવા કાયદા લાગુંઃ આઈપીસીની જગ્યાએ ભારતીય ન્યાય સંહીતા અમલી

### હત્યા, હત્યાનો પ્રયાસ, દુષ્કર્મ, છેતરપીંડી દેશદ્રોહ સહીતની કલમમાં ધરખમ ફેરફારો

અમદાવાદ,તા.૧

દેશમાં ઈન્ડિયન પીનલ કોડ સહિતના એકટના કાયદામાં મોટાપાયે ફેરફાર કરાયા બાદ આજથી સમગ્ર દેશમાં અમલમાં મુકવામાં આવનાર છે. જે અનુસંધાને ગુજરાત પોલીસે નવા કાયદાના અમલ માટે તૈયારીઓ પૂર્ણ કરી છે.

જેમાં રાજયના તમામ પોલીસ અધિકારીઓ માટે વિશેષ તાલીમ સત્ર ગોઠવવામાં આવ્યા હતાં. આ ઉપરાંત પોલીસને લગતા તમામ સોફટવેરમાં પણ નવા કાયદા અંગે તમામ અપડેટ કરી દેવાયું છે. કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૨૩માં ભારતીય દંડ સહિતા એટલે ઈન્ડિયન પીનકોડ, ફોજદારી પ્રક્રિયા સંહિતા અને ઈન્ડિયન ઈવીડન્સ એકટમાં મોટા પ્રમાણમાં ફેરફાર કર્યા હતાં.જે કાયદાનો અમર આજથી થવાનો છે.

ત્યારે ગુજરાત પોલીસ દ્વારા આ અનુંસધાનમાં છેલ્લા ત્રણ મહિનાથી તૈયારીઓ કરવામાં આવી હતી.જે અંગે રાજય પોલીસ વડા વિકાસ સહાયે પણ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી તમામ અધિકારી કર્મચારીઓ સાથે વાત કરી હતી. પોલીસને નવા કાયદા અંગે માહિતી મળી રહે તે માટે સમગ્ર ગુજરાતમાં વિશેષ તાલીમ સત્ર યોજવામાં આવ્યા હતાં.આ ઉપરાંત સોફટવેરમાં તમામ નવા કાયદાની વિગતો અપડેટ (જુઓ.પાનું.૫)

# કોમર્શિયલ એલપીજી સિલિન્ડરમાં રૂ.૩૧નો ઘટાડો

### ૧૪.૨ કીલો ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર નથી



નવી દિલ્હી, તા.૧

ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ફેરફાર કર્યો છે. ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી ગેસ સિલિન્ડરની કિંમતમાં આજથી ૩૧ રૂપિયાનો ઘટાડો થયો છે. હવે દિલ્હીમાં કોમર્શિયલ સિલિન્ડર ૧૬૭૬ રૂપિયાના બદલે ૧૬૪૬ રૂપિયામાં મળશે. આ સિલિન્ડર હવે કોલકાતામાં ૧૭૫૬ રૂપિયામાં ઉપલબ્ધ છે, પહેલા તેની કિંમત ૧૭૮૭ રૂપિયા હતી.

મુંબઈમાં સિલિન્ડરની કિંમત ૧૬૨૯ રૂપિયાથી ૩૧ રૂપિયા ઘટીને ૧૫૯૮ રૂપિયા થઈ ગઈ છે. ચેન્નાઈમાં સિલિન્ડર ૧૮૦૯.૫૦ રૂપિયામાં ઉપલબ્ધ છે. જોકે, ૧૪.૨ કીલો ઘરેલું ગેસ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. તે દિલ્હીમાં I ૮૦૩ અને મુંબઈમાં ૮૦૨.૫૦માં ઉપલબ્ધ છે.

ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. તેમાં છેલ્લે ૯ માર્ચ, ૨૦૨૪ના રોજ ફેરફાર કરવામાં આવ્યો હતો અને તેના દરમાં ૧૦૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. હવે ઘરેલુ એલપીજી સિલિન્ડરનો ભાવ દિલ્હીમાં ૮૦૩ રૂપિયા, કોલકાતામાં ૮૨૯ રૂપિયા, મુંબઈમાં ૮૦૨.૫૦ રૂપિયા અને ચેન્નાઈમાં ૮૧૮.૫૦ રૂપિયા છે. ૧ જૂન ૨૦૨૩ના રોજ દિલ્હીમાં ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમત ૧૧૦૩ રૂપિયા હતી. કંપનીઓએ ૩૦ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ તેમાં ૨૦૦ રૂપિયાના મોટા ઘટાડાનું એલાન કર્યું અને પછી કિંમત ઘટીને ૯૦૩ રૂપિયા થઈ ગઈ. આ પછી, ફરીથી ૯ માર્ચ, ૨૦૨૪ ના રોજ, કંપનીઓએ તેની કિંમતમાં ૧૦૦ રૂપિયાનો ઘટાડો કર્યો હતો.

## લોનાવાલાના ડેમમાં પાંચ લોકો ડૂબ્યાઃ ત્રણના કરૂણ મોત



મુંબઇ, તા.૧

મહારાષ્ટ્રના પૂણેના લોનાવાલ-ામાં આવેલ ભૂશી ડેમ નજીકના રેલવે વોટર ફોલમાં ધોધની મજા લેતા પાંચ પરિવારજનો તણાઇ જતા તે પૈકી ૪૦ વર્ષની મહિલા અને ૧૩ તથા ૮ વર્ષની બાળકીના ડૂબી જવાથી મોત થયા છે. આ પરિવાર તણાતો હતો તેનો અંતિમ વિડીયો વાયરલ થયો છે.

કહેવામાં આવી રહ્યું છે કે હજુ પણ બે બાળકો ગુમ છે. ગુમ થયેલા બાળકોની ઉંમર ૬ થી ૯ વર્ષની વચ્ચે છે. તેમની શોધખોળ કરવામાં આવી રહી છે. જ્યારે ત્રણ લોકોના મૃતદેહ મળી આવ્યા છે.

પુણે દેહાતના પોલીસ અધિક્ષક પંકજ દેશમુખે જણાવ્યું હતું કે આ ઘટના બપોરે ૧.૩૦ વાગ્યાની આસપાસ બની હતી, જેના પગલે સર્ચ અને રેસ્કયૂ ટીમને ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. વરસાદની મોસમમાં અહીં આવનારા લોકોની સંખ્યા વધી જાય છે.

રવિવાર હોવાથી અહીં લોકોની ભારે ભીડ જોવા મળી હતી. મોટી સંખ્યામાં લોકોની હાજરી અને પછી આવા હવામાનમાં થોડી બેદરકારી લોકોના જીવના દુશ્મન બની જાય છે. આ મામલે પણ હજુ તપાસ ચાલી રહી છે.

દેશમુખે કહ્યું કે તમામ એક જ પરિવારના સભ્યો છે. આ ઘટનામાં એક ૬ વર્ષની છોકરી અને ચાર વર્ષનો છોકરો ગુમ છે. તેમના માટે સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. સતત વરસાદના કારણે રેસ્કયુ ટીમને મૃતદેહો શોધવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. કારણ કે ધોધનો પ્રવાહ પણ વધી રહ્યો છે.

# અમદાવાદમાં સાયન્સ સિટી ગોતામાં ત્રણ કલાકમાં ૭ ઈંચ વરસાદ

### ૩૧ સ્થળોએ પાણી ભરાતા અને ૭ સ્થળોએ ઝાડ જમીન દોસ્ત થયા



અમદાવાદ, તા.૧

અમદાવાદમાં પણ ચોમાસું બેસી ગયુ છે અને હવામાન વિભાગ દ્વારા આગામી બે દિવસ સુધી શહેર અને જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેને પગલે ગઈકાલે વહેલી સવારથી અમદાવાદમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે અસહ્ય બફારાથી લોકો ત્રાહિમામ પોકારી રહ્યાં હતા. જો કે બપોરે ૧ વાગ્યા પછી મેઘરાજાને તોફાની બેટિંગ કરતાં શહેરને પાણી-પાણી કરી નાંખ્યું હતુ.

ભરબપોરે અમદાવાદનું આકાશ કાળાડિબાંગ વાદળોથી ઘેરાઈ ગયું હતુ અને ૧ વાગ્યાની આસપાસ ગાજવીજ સાથે વરસાદ તૂટી પડ્યો હતો. બપોરે ૧ થી સાંજે ૪ વાગ્યા સુધી સતત ૩ કલાક પડેલા ભારે વરસાદના પગલે શહેરના નીચાણવાળા વિસ્તારો પાણી-પાણી થઈ ગયા હતા. એક તરફ રવિવારની રજા હોવાથી અનેક લોકો વરસાદમાં ભીંજાવા રસ્તા પર ઉતરી ગયા હતા. બીજી તરફ વરસાદના પાણીમાં ફસાઈ જવાથી અનેક વાહન ચાલકોના વાહનો ખોટકાયા હતા.

ભારે પવન સાથે તૂટી પડેલા વરસાદના કારણે શહેરના સેન્ટ ઝેવિયર્સ કોલેજ નજીક વૃક્ષ ધરાશાયી થઈ ગયું હતુ. જ્યારે બોપલમાં ક્લબ-O7 રોડ પર ઓર્ચિડ સ્કાય સિટી કોમ્પલેક્સ નજીક રસ્તા પર મસમોટો ભૂવો પડ્યો હતો. જેના કારણે વાહન વ્યવહારને અસર થઈ હતી.

જો વરસાદના આંકડાની વાત કરીએ તો, આજે શહેરના સાયન્સ સિટી અને ગોતા વિસ્તારમાં સૌથી વધુ ૭ ઈંચ, બોપલમાં સવા ૬ ઈંચ, સરખેજમાં સાડા ૫ ઈંચ, નરોડામાં પોણા ૫ ઈંચ, ચાંદલોડિયામાં ૪ ઈંચ, જોધપુરમાં સાડા ૩ ઈંચ, ચાંદખેડામાં ૩ ઈંચ, ઉસ્માનપુરામાં અઢી ઈંચ, ઓઢવમાં સવા ૨ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

ધોધમાર વરસાદના કારણે પાણી શહેરના મીઠાખળી, અખબારનગર, અને ચાંદલોડિયા અંડર બ્રિજ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. જેથી તકેદારીના ભાગરૂપે આ તમામ અંડર બ્રિજ વાહનવ્યહાર માટે બંધ કરી દેવામાં આવ્યા હતા. જો કે ચાર વાગ્યાની આસપાસ ચાંદલોડિયાના અંડરબ્રિજમાંથી પાણીનો નિકાલ કર્યા બાદ ખુલ્લા મૂકવામાં આવ્યા હતા.

આ સિવાય શહેર કંટ્રોલરૂમમાં વરસાદ સબંધિત ફરિયાદો માટે ફોન સતત રણકતો રહ્યો હતો. જેમાં શહેરના અલગ-અલગ વિસ્તારમાં ૭ ઝાડ પડ્યા હોવાની ફરિયાદ મળી હતી. આ સિવાય ૩૧ ઠેકાણે પાણી ભરાવાની તેમજ બે જગ્યાએ ભૂવા પડવાની ફરિયાદ મળી હતી. આ સાથે જ અમદાવાદ શહેરમાં સિઝનનો અત્યાર સુધીનો સરેરાશ ૪.૮ ઈંચ જેટલો વરસાદ વરસી ચૂક્યો છે.

## ઉતર પ્રદેશમાં ૧૮ વર્ષથી નીચેની વયના છાત્રોને પંપ પરથી પેટ્રોલ-ડીઝલ નહીં મળે

### સગીર છાત્ર-છાત્રાઓ દ્વારા વાહન વ્યવહારના નિયમોના ભંગ, અકસ્માતો રોકવા નિર્ણય



લખનૌ,તા.૧

ઉતર પ્રદેશની સરકારે એક મહત્વનો નિર્ણય લીધો છે.૧૮ વર્ષથી નીચેનાં વિદ્યાર્થીઓ પર ટુ વ્હીલર, ફોર વ્હીલર ચલાવવા પર રોક લગાવવા પેટ્રોલ પંપ પરથી તેમને ડીઝલ-પેટ્રોલ આપવા પર પ્રતિબંધ લગાવાયો છે.

વધતા જતા અકસ્માતોને રોકવા આ નિર્ણય લેવાયો છે. એટલે આજથી યુપીમાં સગીરને પેટ્રોલ પંપ પરથી પેટ્રોલ-ડીઝલ નહીં મળે. પેટ્રોલ પંપ પર આ મામલે વોચ રહેશે અને નોટીસ ૫૦૮ લગાવવામાં આવશે.

રાજય બાલ અધિકાર સંરક્ષણ આયોગનાં સભ્ય ડો.સુચિતા ચતુર્વેદીએ માધ્યમિક અને બેઝીક શિક્ષણ નિર્દેશક પોલીસ મહા નિર્દેશક ખાદ્ય રસદ વિભાગનાં કમિશ્નર પરિવહન કમિશ્નર અને પોલીસ મહા નિરિક્ષકને દિશા-નિર્દેશ જાહેર કર્યા છે.

# ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામના રૂ.૭૨૨૭૦, ૨૨ કેરેટના રૂ.૬૬૨૪૦ ભાવ નોંધાયો

### અમદાવાદ, વડોદરા, મુંબઇ સહિતની માર્કેટમાં ભાવમાં વધઘટ



અમદાવાદ, તા.૧

આજે દેશમાં ૨૨ કેરેટ સોનાની કિંમત રૂ.૬૬,૨૪૦ પ્રતિ ૧૦ ગ્રામ અને ૨૪ કેરેટ સોનાની કિંમત રૂ.૭૨,૨૭૦ પ્રતિ ૧૦ ગ્રામ છે.

અમદાવાદમાં ૨૨ કેરેટ સોનાની કિંમત ૬૬,૨૯૦ પ્રતિ ૧૦ ગ્રામ અને ૨૪ કેરેટ સોનાની કિંમત રૂ.૭૨,૩૧૦ પ્રતિ ૧૦ ગ્રામ છે. વડોદરામાં ૨૨ કેરેટ સોનાની કિંમત ૬૬,૨૯૦ પ્રતિ ૧૦ ગ્રામ અને ૨૪ કેરેટ સોનાની કિંમત રૂ.૭૨,૩૧૦ પ્રતિ ૧૦ ગ્રામ છે. સુરતમાં ૨૨ કેરેટ સોનાની કિંમત ૬૬,૨૯૦ પ્રતિ ૧૦ ગ્રામ અને ૨૪ કેરેટ સોનાની કિંમત રૂ.૭૨,૩૧૦ પ્રતિ ૧૦ ગ્રામ છે.

મુંબઈમાં ૨૨ કેરેટ સોનાની કિંમત રૂ.૬૬,૨૪૦ પ્રતિ ૧૦ ગ્રામ અને ૨૪ કેરેટ સોનાની કિંમત રૂ.૭૨,૨૭૦ પ્રતિ ૧૦ ગ્રામ છે. દિલ્હીમાં ૨૨ કેરેટ સોનાની કિંમત રૂ.૬૬,૩૯૦ પ્રતિ ૧૦ ગ્રામ અને ૨૪ કેરેટ સોનાની કિંમત રૂ.૭૨,૨૭૦ પ્રતિ ૧૦ ગ્રામ છે. કોલકાતામાં ૨૨ કેરેટ સોનાની કિંમત રૂ.૬૬,૨૪૦ પ્રતિ ૧૦ ગ્રામ અને ૨૪ કેરેટ સોનાની કિંમત રૂ.૭૨,૨૭૦ પ્રતિ ૧૦ ગ્રામ છે. બેંગલુરુમાં ૨૨ કેરેટ સોનાની કિંમત રૂ.૬૬,૨૪૦ પ્રતિ ૧૦ ગ્રામ અને ૨૪ કેરેટ સોનાની કિંમત રૂ.૭૨,૨૭૦ પ્રતિ ૧૦ ગ્રામ છે.

સરકારના રિપોર્ટમાં ખુલાસો

# દેશની ૮૦ ટકા સરકારી હોસ્પિટલોની હાલત ખરાબ



નવીદિલ્હી તા.૧

જો આમ જન બીમાર પડે તો તે પહેલા સરકારી હોસ્પિટલમાં જાય છે. પણ દેશની ૮૦ ટકા સરકારી હોસ્પિટલોમાં પૂરતા ન તો નર્સ છે ન તો ડોકટર, નિમ્ન કક્ષાની છે. મેડિકલ સુવિધાઓ આ સનસનીખજ ખુલાસો સરકારના જ રિપોર્ટમાં થયો છે.

ભારતમાં સરકારી હોસ્પિટલોની હાલત ખુબજ ખરાબ છે. એક સરકારી રિપોર્ટમાં બહાર આવ્યું હતું કે ૮૦ ટકા સરકારીમાં પાયાની સુવિધાઓ નથી. સરકારે ખુદે આ રિપોર્ટ તૈયાર કર્યો છે. આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે સરકારી હોસ્પિટલોમાં ડોકટર, નર્સ અને જરૂરી સાધનોની ભારે અછત છે. આ રિપોર્ટ નેશનલ હેલ્થ મિશન (એનએચએમ) અંતર્ગત આવતી સરકારી હોસ્પિટલોની હાલત દર્શાવે છે.

એનએચએમ સરકારની એક મહત્વની યોજના છે. જે અંતર્ગત દેશભરની જિલ્લા હોસ્પિટલ, સામુહિક સ્વાસ્થ્ય કેન્દ્ર, પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્ર (જુઓ.પાનું.૫)

# રાજકોટમાં ભંગારના ધંધાર્થીની માથું છૂંદી હત્યા

## યુનિવર્સિટી પોલીસને બનાવની જાણ થતાં બનાવ અંગે તપાસ હાથ ધરી : મૃતકના પરીવારમાં અરેરાટી વ્યાપી





તસવીર : દિલીપ ગોહેલ

**(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)**

રાજકોટ તા.૦૧

શહેરમાં હત્યાની વધુ એક ઘટના બની છે. રૈયાધાર મચ્છો ક્વાર્ટરમાં રહેતો વિનોદ દિનેશભાઇ વઢીયારા (ઉ.વ.૨૪) નામનો યુવાન ગઈકાલે ત્રણ પૈડાવાળી સાયકલ લઈ ભંગારની ફેરી કરવા નીકળ્યા બાદ ગૂમ થયો હતો. રૈયાધાર ડ્રિમસીટી શાંતિ નગર નજીકના પટમાંથી તેની હત્યા કરાયેલી લાશ મળતા ચકચાર મચી ગઇ છે.

ગઈકાલે વિનોદ સાયકલ લઈ ભંગારની ફેરી કરવા નીકળ્યા બાદ બપોરે ત્રણેક વાગ્યે તેની માતાએ વરસાદ જેવું હોઈ ઘરે આવી જવા કહેતા ભંગાર ખાલી કરીને આવે છે એમ કહ્યું હતું. બાદમાં ચાર વાગ્યા સુધી ન આવતા માતાએ ફરીવાર ફોન કરતા ફોન બંધ આવતો હતો. આથી પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી અને પોલીસને જાણ કરી હતી.

આજે ફરીથી શોધખોળ શરૂ કરતાં રૈયાધાર શાંતિ નગરના ઢાળ નજીકથી વિનોદની ભંગારની ફેરીની ટ્રાઈસિકલ ખાલી હાલતમાં મળી હતી. આસપાસ તપાસ કરતા પટમાંથી વિનોદની માથું છુંદેલી લાશ મળતા અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવની જાણ થતાં યુનિવર્સિટી ઈન.પીઆઇ જે.એમ કૈલા, ડી.સ્ટાફ, એલસીબી ઝોન ૨ ટીમ સહિતે પહોચી તપાસ શરૂ કરી છે. હત્યાનો ભોગ બનનારને સંતાનમાં દોઢ વર્ષની દીકરી છે. પત્ની હાલ પિયર ગઈ છે. ભેદ ઉકેલવા પોલીસની ટીમો કામે લાગી છે.

# જીરાવલા પાર્શ્વનાથ જિનાલયની પ્રથમ વર્ષગાંઠ નિમિતે ત્રિદિવસીય મહોત્સવનું આયોજન



**(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)**

રાજકોટ તા.૦૧

આનંદ મંગલ શ્વેતાંબર મૂર્તિપૂજક તગપચ્છ જૈન સંઘ- રાજકોટ દ્વારા શ્રી જીરાવલા પાર્શ્વનાથ જિનાલયની પ્રથમ વર્ષગાંઠ નિમિતે ત્રિદિવસીય મહોત્સવનું ભવ્યાતિભવ્ય આયોજન થયેલ છે. જેમાં પ્રથમ દિવસે તા. ૩૦/૬/ પ્રભુના અઢાર અભિષેક, બીજા દિવસે તા. ૧/૭/ સોમવારનાં પંચકલ્યાણક પૂજા તથા રાત્રે ૯ કલાકે અભય ભારદવાજ હોલ ખાતે પ્રભુભકિત ભાવના અને ત્રીજા મહા મંગલકારી દિવસે તા. ૨/૭ મંગળવારનાં સવારે ૯ કલાકે ધજાના સામૈયાનો વરઘોડો રાજપેલેસ ચોકથી જિનાલય સુધી ત્યારબાદ ૧૦ કલાકે જિનાલયખાતે સતરભેદી પૂજા અને ૧૧:૦૭ કલાકે જિનાલયની ધજાઓ ચડાવવામાં આવશે. આ સમગ્ર ત્રિદિવસીય મહોત્સવના લાભાર્થી, ભાવીનભાઈ ખીમચંદભાઈ મહેતા પરીવાર (ભાણવડવાળા) છે.

હવે પછી ના વર્ષ ની ધજા ની બોલી આજરોજ સોમવાર તા. ૦૧/૦૭ રાત્રે ભાવનામાં બોલવામાં આવશે દરેક પુણ્યશાળી ખાસ લાભ લેવા ભાવના માં પધારશો. અભયભારદ્વાજ હોલ, વાસુપૂજ્ય જિનાલય પાસે, ગોપાલ ચોક નજીક, રાખેલ છે. સમય :- રાત્રે ૯ કલાકે. રાખેલ છે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રમુખ દિલીપભાઈ દેસાઈ (૭૯૯૦૫૭૦૮૧૧) તથા ટ્રસ્ટી મંડળનાં સર્વે વિરેન્દ્રભાઈ મહેતા, નરેન્દ્રભાઈ શાહ, અનિલભાઈ મહેતા, ગિરીશભાઈ શાહ, પ્રકાશભાઈ શાહ, જયેન્દ્રભાઈ શાહ, સમીરભાઈ કાપડીયા, જિનેશભાઈ શાહ, ડો. તેજસભાઈ શાહ, સિદ્ધાર્થભાઈ મહેતા, જનકભાઈ મહેતા તથા યુવક મંડળનાં તમામ ભાઈઓ અને મહીલા મંડળ તથા યંગ લેડી યુવા ગ્રુપના તમામ બહેનો અને સકળ સંઘના સભ્યો ખૂબ ઉત્સાહ અને ઉમંગથી પરમાત્માના આ પ્રતિષ્ઠા પર્વને દિપાવવા ખૂબ અનુમોદનીય કાર્યો કરી રહયા છે.તેમ જણાવ્યુ છે.

# યુવકે ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું



રાજકોટ તા.૧

જેતલસરમાં રહેતાં કપીલભાઈ બગડાએ ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. પુત્રીએ પિતાની છત્રછાયા ગુમાવતા તેઓનાં પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.બનાવની વિગત મુજબ જેતલસર ગામમાં ડેડરવારોડ આંબેડકરનગરમાં રહેતાં કપીલભાઈ મનસુખભાઈ બગડા (ઉ.વ.૨૯) નામનો યુવક ગત ૨૯/૬/૨૦૨૪ ના રોજ સવારે પોતાનાં ઘરેથી કુદરતી હાજતે જવાનું કહી નિકળ્યો હતો. બાદ ત્યાં ગામમાં આવેલ વીઆઈટી કોલેજમાં જઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લીધો હતો. બાદ યુવકને જેતપુરમાં સંજીવની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બાદ વધુ સારવાર માટે જેતપુર સરકારી હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો હતો.જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા યુવકનાં પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી. બાદ યુવકના મૃતદેહનું ફોરેન્સિક પીએમ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં કરવામાં આવ્યું હતું. યુવક સેન્ટિગનું કામ કરતો હતો.મૃતક પાંચ ભાઈ અને એક ભાઈમાં ચોથા નંબરનો હતો. તેમજ તેઓને સંતાનમાં એક પુત્રી હોવાનું મૃતકના પરિવારજનોએ જણાવ્યું હતું.

# હીરાસર એરપોટ દુર્ઘટનાના જવાબદારો સામે પગલા લો : કોંગ્રેસ

## રાજકોટ શહેર કોંગ્રસ સમિતિ દ્વારા એરપોટ ડિરેકટરને આવેદન પત્ર પાઠ્વાયુ





**(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)**

રાજકોટ તા.૦૧

શહેર કોંગ્રસ સમિતિ દ્વારા એરપોટ ડિરેકટરને આવેદન પત્ર પાઠવી રજુઆત કરાઇ હતી રજુઆતમાં જણાવ્યુ હતુ કે,હીરા- સર ઈન્ટરનેશનલ એરપોર્ટનું લોકાર્પણ થયું ત્યાંથી જ કંઈક ને કંઈક અજુગતુ બની રહયું છે. એરપોર્ટના તંત્રવાહકો પેસેન્જર્સને સુવિધા આપવામાં નિષ્ફળ રહ્યા છે એટલું જ નહીં પરંતુ સલામતીનો અહેસાસ કરાવવામાં પણ નિષ્ફળ રહ્યાં છે. હિરાસર એરપોર્ટના બેદરકાર તંત્રના કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે રાજકોટ બદનામ થઈ રહયું છે. હીરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ બદનામ થઈ જતા મુસાફરો ફરી અમદાવાદ એરપોર્ટથી ટ્રાવેલ કરવા લાગ્યા છે, કેનોપી તુટી પડવાની ઘટના બીજી વખત બની છે, હવે ત્રીજી વખત ન બને તેની તકેદારી લેજો. શું એરપોર્ટનું બાંધકામજ નબળુ થયુ છે ? નહીં તો આવી ઘટનાઓ ન બને ! તા. ૨૯/૦૬ ને શનિવારે કેનોપી તુટી પડવાની દુર્ઘટના અંગે શું તપાસ કરાઈ? કોની સામે પગલા લેવાયા ? તેની વિગતો જાહેર કરો. આવી દુર્ઘટના કેમ બની અને તે મામલે કોની જવાબદારી ફિક્સ થાય છે તે મુસાફર જનતાના વિશાળ જાહેર હિતમાં સત્તાવાર પ્રેસ રિલીઝ ઈસ્યુ કરીને જનતાને જણાવશો તેવી રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના સર્વે હોદેદારો, આગેવાનો અને કાર્યકર્તાઓની માંગણી છે.

હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટના ડિરેકટરને રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ તરફથી નીચેના સવાલ પુછવામાં આવે છે જેનો લેખિતમાં જવાબો આપશો. એરપોર્ટ ડિરેક્ટર દિગંત બોરા મુસાફરોના ફોન કેમ રિસિવ કરતા નથી, ફરિયાદ કોને કરવી ?,એરપોર્ટના જનરલ મેનેજર (એન્જીનીયરીંગ) મુસાફરોના ફોન કેમ ઉપાડતા નથી ? તેમને લગતી ફરિયાદ કોને કરવી ?, હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર કે નોપી તુટી પડવાની ઘટના કેટલામી વખત બની ?,હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટના ટોઈલેટ અને વોશ બેસીનમાં અવાર-નવાર પાણી કેમ બંધ થઈ જાય છે ?,કેનોપી તુટી જવાની દુર્ઘટનામાં કોની સામે શું પગલા લેવાયા ?, ચોમાસાના ચાર મહિનામાં કોઈ દુર્ઘટના ન બને તે માટે તંત્રની શું તૈયારી છે?,એરપોર્ટનો પ્રિ-મોન્સુન પ્લાન શું છે ? તેની વિગતો જાહેર કરો.,એરપોર્ટ મુસ-ાફરોની સલામતી માટેની એડવાઈઝરીનું પાલન કરે છે કે નહી ?,એરપોર્ટમાં જરૂરી સુવિધાઓ કેમ નથી ? તેનો ખુલાસો કરો,એસપોર્ટનું બાંધકામ કેમ નબળુ થયું છે ? એજન્સી સામે શું પગલા લીધા ?,હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટનું બીયુપી અને ફાયર એનઓસી છે કે નહિ ? હોય તો વિગતો જાહેર કરો.પ્રદેશ કોંગ્રસના જશવંતસિંહ ભટ્ટી,રાજદિપસિંહ જાડેજા, ગોપાલભાઇ અનડકટ,મેઘજીભાઇ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા.



# શહેરના ઝાડા-ઉલ્ટીના ૨૧૭ કેસ નોંધાયા

## મનપાના ચોપડે શરદી-ઉધરસના ૭૨૦,સામાન્ય તાવના ૩૫૮ કેસ નોંધાયા



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૦૧

મહાનગર પાલિકાના આરોગ્ય તંત્ર દ્વારા ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા વગેરે જેવા રોગોને નિયંત્રિત કરવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. આ રોગો માનવીની જીવનશૈલી સાથે સીધા સંકળાયેલા હોવાથી તેમાં લોકોનો સહકાર અત્યંત આવશ્યક છે.

આ રોગચાળા દ્વારા ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે મહાનગરપાલિકા દ્વારા તમામ સ્તરે ઘનિષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. વાહક નિયંત્રણની કામગીરી હેઠળ તા.૨૪/૦૬ થી તા.૩૦/૦૬ દરમ્યાન પોરાનાશક કામગીરી હેઠળ આરોગ્ય કેન્દ્રના આશાવર્કર સહિત ની ૩૨૦ ટીમો દ્વારા ૩૫૯૬૨ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવેલ છે તથા ફિલ્ડવર્કરો દ્વારા ૨૦૨ ઘરોમાં ફોગીંગ કામગીરી કરેલ છે.

ડેન્ગ્યુ રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેકસ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો જોવા મળશે તો જગ્યાના માલિક કે ભોગવટો કરનાર કે જવાબદાર આસામી સીધી રીતે જવાબદાર ગણી બાયલોઝ અંતર્ગત તેની વિરૂદ્ધ મચ્છર ઉત્પતિ સબબ નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવેલ છે. આ કામગીરી હેઠળ




રહેણાક સિવાય અન્ય ૨૬૨ પ્રીમાઈસીસ (બાંધકામ સાઈટ, સ્કૂલ, હોસ્પિટલ, હોટેલ, ઈન્ડસ્ટ્રીઝ, હોસ્ટેલ, પેટ્રોલ પંપ, સરકારી કચેરી વગેરે) નો મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવેલ છે. જેમાં મચ્છર ઉત્પતિ સબબ રહેણાંક માં ૧૫૨ અને કોર્મશીયલ ૧૧૧ આસામીને નોટીસ આપવામાં આવેલ છે.

### ડો. શ્યામાપ્રસાદ મુખરજી બલિદાન દિવસ અંતર્ગત

# શહેર યુવા ભાજપ દ્વારા રકતદાન કેમ્પ યોજાયો



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૦૧

પ્રદેશ યુવા ભાજપ પ્રમુખ ડો. પ્રશાંતભાઈ કોરાટના માર્ગદર્શન હેઠળ ગુજરાતભરમાં ભાજપ યુવા મોરચા દ્વારા ડો. શ્યામાપ્રસાદ મુખરજી બલિદાન દિવસ નિમિતે રકતદાન કેમ્પનુ આયોજન કરવામાં આવેલ હોય, બલિદાન સપ્તાહ અંતર્ગત તા. ૩૦ જૂનના શહેરના નવ વોર્ડમાં રકતદાન કેમ્પ પૂર્ણ કરવામાં આવ્યા હતા. રાજકોટ શહેર ભાજપ યુવા મોરચા દ્વારા શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીના માર્ગદર્શન હેઠળ શહેરના વિવિધ વોર્ડમાં તબકકાવાર મેગા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ અને આ રકતદાન કેમ્પો થકી બહોળી સંખ્યામાં રક્ત એકત્ર કરવામાં આવેલ. આ તકે યુવા મોરચાના પ્રમુખ કિશન ટિલવાની આગેવાનીમાં વોર્ડ નં. ૩, ૪, ૮,૧૧,૧૨,૧૪, ૧૫,૧૭ માં રકતદાન કેમ્પ યોજાયેલ આ રકતદાન કેમ્પમાં દીપપ્રાગટય કરી રક્તદાન શરૂ કરાવેલ હતું. આ તકે રાજકોટ સાંસદ પરશોતમભાઈ રૂપાલા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો.દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, મેયર નયનાબેન પેઢડીયા, પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, શહેર ભાજપના ઉપપ્રમુખ હિતેષભાઈ ઢોલરીયા, શહેર મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયા, શહેર યુવા ભાજપ મોરચાના પ્રમુખ કિશન ટીલવા, મહામંત્રી મીલન લીંબાસીયા, સહદેવ ડોડીયા સહિત વોર્ડના પ્રભારી, પ્રમુખ સહિત બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ રક્તદાન કેમ્પને સફળ બનાવવા કિશન ટીલવાની આગેવાનીમાં સહીતના યુવા મોરચાના હોદેદારો અને કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવી હતી.તેમ જણાવ્યુ છે.

# મવડીની કલ્પના ચાવલા ટાઉનશીપ ફાયર ગધઈ વગરની




રાજકોટ,તા.૧

રાજકોટના સ્પીડવેલ પાર્ટી પ્લોટ રોડ પર પેન્ટાગોન એપાર્ટમેન્ટ પાસે આવેલી અને વડાપ્રધાન તથા મુખ્યમંત્રીના હસ્તે ખુલ્લી મુકવામાં આવેલી કલ્પના ચાવલા ટાઉનશીપમાં જ ફાયર એનઓસી નહીં હોવાનો વિવાદ થયો છે.

આ અંગે આવાસ યોજના વિભાગે એસો.ને નોટીસ આપતા રજુઆતો થઇ છે. ૨૦૨૨ના વર્ષમાં આ આવાસ યોજનાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું પરંતુ આ સમયે ફાયર એનઓસીની કોઇ કાર્યવાહી કરવામાં આવી ન હતી. છેલ્લા દિવસોથી ચાલતી તપાસ વચ્ચે આ આવાસ યોજનાને નોટીસ અપાઇ છે.સંચાલક એસો.ને એનઓસીની જવાબદારી યાદ કરાવવામાં આવી છે. જે અંગે મનપામાં રજુઆત થઇ છે. નોટીસ અપાયા બાદની તાત્કાલીક બાટલા સહિતના સાધનો મુકવા કાર્યવાહી થઇ હતી. પરંતુ આ બાટલા પણ એકસપાયરી ડેટના આવ્યા હોવાનું લતાવાસીઓ કહેતા હતા. આ નોટીસથી આવાસ યોજનામાં રહેતા લોકોમાં ફફડાટ મચ્યો છે.

# તંત્રી લેખ

## ભયજનક જાહેર બાંધકામ

ટેક્નોલોજીના ઉપયોગથી ઈમારતો, પુલ, રસ્તાઓ વગેરેના નિર્માણમાં ઝડપ આવી છે અને સંરચના સુંદર બનવા લાગી છે, પરંતુ તેની મજબૂતાઈ અને ટકાઉપણા અંગે અંગે વારંવાર પ્રશ્નો ઊભા થાય છે. હવે લોકો પુલ પરથી પસાર થતી વખતે મનોવૈજ્ઞાનિક રીતે ગભરાય છે અને જો વૈકલ્પિક રસ્તો હોય તો એને પસંદ કરે છે. હવે વરસાદની મોસમમાં પુલ, રસ્તાઓ અને નવી બનેલી ઈમારતો ડૂબી જવાના અને તૂટી પડવાના સમાચાર વિના ભાગ્યે જ કોઈ વર્ષ પસાર થાય છે. તાજેતરની ઘટના દિલ્હીના ઈન્દિરા ગાંધી એરપોર્ટના ટર્મિનલ-એક પર બની હતી, જ્યાં ગાડીઓના પાર્કિંગ વિસ્તારની છત તૂટી પડી હતી, જેમાં અનેક વાહનોને નુકસાન થયું હતું, એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા હતા. વરસાદના કારણે છત બેસી ગઈ છે. આ સિઝનનો આ પહેલો વરસાદ હતો, આખી સિઝન હજુ બાકી છે, તેથી એરપોર્ટની અન્ય છતને લઈને પણ લોકોમાં આશંકા હોય તે સ્વાભાવિક છે.

વાસ્તવમાં, એરપોર્ટની છત લોખંડના થાંભલા ઊભા કરીને સિન્થેટિક અને પાતળી લોખંડની ચાદરથી બનેલી છે. આ રીતે, જગ્યા એકદમ ખુલ્લી અને સુંદર પણ લાગે છે, પરંતુ તેની ક્ષમતા વિશે કોઈ દાવો કરવો મુશ્કેલ છે. આ પહેલી ઈમારત નથી કે જેમાં આ બાંધકામ કળાનો ઉપયોગ કરવામાં આવ્યો હોય. હવે આ ટેક્નોલોજીનો ઉપયોગ અનેક જાહેર સ્થળોએ ઝડપથી કામ પૂર્ણ કરવા માટે કરવામાં આવી રહ્યો છે. વાસ્તવમાં, મકાન બાંધકામમાં કાચ, લોખંડ, સિન્થેટિક શીટ્સ વગેરેનો ઉપયોગ ઝડપથી વધ્યો છે. આ રીતે ઈમારતોનું નિર્માણ ઝડપથી થાય છે, પરંતુ ન તો તે ભારતીય પ્રકૃતિ સાથે સુસંગત છે કે ન તો તેને ચિરકાલીન ગણી શકાય. લોખંડના થાંભલાઓને નટ અને બોલ્ટ સાથે જોડીને બનાવેલા માળખાને સમયાંતરે સમારકામની જરૂર પડે છે, જેનો વારંવાર અભાવ જોવા મળે છે. ઘણી ઈમારતો, રસ્તાઓ અને પુલ સરકારી દબાણ હેઠળ ઉતાવળમાં બનાવવામાં આવે છે, જેના કારણે ઈમારતો જોખમી સાબિત થાય છે.

દિલ્હી એરપોર્ટ પર બનેલી ઘટનાના થોડા કલાકો પહેલા જ મધ્યપ્રદેશના જબલપુરમાં એર ટમનલની નવી ઈમારતની છતનો એક ભાગ વરસાદને કારણે એક ગાડી પર પડી ગયો હતો. બિહારમાં વરસાદ શરૂ થતાની સાથે જ અનેક પુલ ધરાશાયી થયા હતા. છેલ્લા ઘણા સમયથી મધ્યપ્રદેશ, બિહારમાં પૂરમાં પુલો ધોવાઈ જવાના, રસ્તાઓ ડૂબી જવાના કે ધસી પડવાના અહેવાલો છે. અતિવૃષ્ટિને કારણે દિલ્હીમાં જે સ્થિતિ સર્જાઈ છે તે જ સ્થિતિ દેશના અને વિશ્વના અન્ય શહેરોમાં પણ સર્જાઈ રહી છે. દુબઈ, ઈન્ફ્રાસ્ટ્રક્ચરની દ્રષ્ટિએ ખૂબ જ અદ્યતન શહેર છે, છતાં થોડા સમય પહેલા સામાન્ય કરતાં વધુ વરસાદને કારણે પાણી ભરાઈ ગયું હતું. છેલ્લા કેટલાક વર્ષોમાં, આપણા દેશમાં વધુ પડતા વરસાદને કારણે સારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતા શહેરો પણ ગંભીર સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. આબોહવા પરિવર્તનને કારણે હવામાનમાં અણધાર્યા ફેરફારો એ હવેની વાસ્તવિકતા છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રશ્નો સમાચારો, સામાજિક, ધાર્મિક અને સેવાકિય પ્રસંગો, અવસાન નોંધ સહિત શાળા-કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો, વિવિધ ક્ષેત્રે મેળવેલી સિધ્ધિઓ તેમજ રચનાત્મક પ્રવૃતિઓના સમાચારો અમને લખીને મોકલો. સૌરાષ્ટ્ર ક્રાંતીમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે... (આ સાથે સારા રિઝોલ્યૂશવાળા ફોટોગ્રાફ પણ મોકલી શકો છો)
વોટ્સએપ નં.93752 17603 email:-saurashtrakranti@gmail.com
એડ્રેસઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

# શહેરના ત્રણેય ઝોનમાં ૧૦.૫૫૦ કીલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત





(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૦૧

મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં ત્રણેય ઝોનમાંથી કુલ ૭૨ આસામીઓ પાસેથી ૧૦.૫૫૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૧૮,૭૫૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૭ આસામીઓ પાસેથી ૭.૧૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૯,૨૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૧ આસામીઓ પાસેથી ૨.૯૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૫,૮૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પરઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૪ આસામીઓ પાસેથી ૦.૫૦૦ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીકજપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૩,૭૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપિનલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસરહાજરીમાં સેનેટરી ઈન્સ્પેકટર/ સેનેટરી સબ ઈન્સ્પેકટર દ્વારા કરવામાં આવેલ.તેમ જણાવ્યુ છે.

# શહેર ભાજપ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૦૧

તા.૨૩ જૂન ડો.શ્યામા પ્રસાદ મુખર્જી સ્મૃતિ દિવસ અંતર્ગતથી સેવાકીય કાર્યક્રમો આગામી તા. ૬ જુલાઈના તેમના જન્મ દિવસ સુધી પ્રદેશ ભાજપની યોજના અનુસાર વિવિધ કાર્યક્રમો જેવાં કે ડો.શ્યામાપ્રસાદ મુખજીર્ની વિવિધ કાર્યક્રમ અંતર્ગત '' એક પેડ માં કે નામ'' કાર્યક્રમ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમના સંયોજક વિજયભાઈ પાડલીયા, સહસંયોજક વિજયભાઈ ટોળીયા, ભગવતીબેન ઘરોડીયાની આગેવાનીમાં રાજકોટ મહાનગરના મંત્રી, વોર્ડ મંત્રી, મોરચાના મંત્રી, તેમજ રાજકોટ મહાનગરપાલિકાના



શાસક પક્ષ નેતા તેમજ દંડક તેમજ પ્રદેશ ભાજપ મંત્રી દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ હતું.

મહાનગરના મંત્રી, વોર્ડ મંત્રી, મોરચાના મંત્રી દ્વારા રૈયાધાર સરકારી કુમાર છાત્રાલય ખાતે '' એક પેડ માં કે નામ'' અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવેલ હતું. આ તકે પ્રદેશ ભાજપ મંત્રી બિનાબેન આચાર્ય, રાજકોટ શહેર ભાજપ મંત્રી વિજય ટોળીયા, ભરતભાઈ શીંગાળા, રાજકોટ મહાનગરપાલિકાના શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનીષ રાડીયા ઉપસ્થિત રહેલ હતા તેમજ શહેર ભાજપ મોરચાના મંત્રીઓ સહિતના કાર્યકર્તાઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ હતું.તેમ જણાવ્યુ છે.

# એડવોકેટ અમીત ગડારાનો જન્મદિવસ




(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૦૧

રાજકોટ ડ્રિસ્ટીકટ કોર્ટ, ફેમીલી કોર્ટ, ફોજદારી કોર્ટમાં તેમજ બહારગામની સેસન્સ કોર્ટ મા એડવોકેટ તરીકે ફરજ બજવતા વકીલ અમિત વી.ગડારાનો આજરોજ જન્મદિવસ છે. જેમનો જન્મ જામનગર તાલુકાનુ નાનુ એવુ ગામ મું.ધ્રાંગડા મુકામે થયેલ ત્યારબાદ પ્રાથમિક શિક્ષણ ગામડે સરકારી સ્કુલમા પુરી કરીને, કોલેજના અભ્યાસ માટે રાજકોટ મુકામે સ્થાયી થયેલ અને એલ.એલ.બી નો અભ્યાસ પણ પાંધી લો કોલેજ- રાજકોટ ખાતે પુર્ણ કરેલ તેમજ લો ના અભ્યાસ દરમ્યાન જ કોર્ટ પ્રેકટીશ શરુ કરી દીધેલ હતી. જેમણે રાજકોટને કર્મભુમિ માનીને તણતોડ મહેનત કરી, વકીલ તરીકે રાજકોટમા સારી એવી નામના મેળવેલ છે. હાલ તેઓ છેલ્લા આઠેક વર્ષથી રાજકોટના એડવોકેટ અભયભાઈ ભારદ્વાજના જુનીયર રહી ચુકેલા અલ્પેશભાઈ પોકીયા (પી એન્ડ આર લો ચેમ્બર્સ) ની સાથે વકીલાત કરે છે તેમજ રાજકોટ મુકામે તેમજ બહારગામની સેસન્સ કોર્ટ, ફેમીલી કોર્ટ, ફોજદારી કોર્ટમા હાલ તેઓ પ્રેકટીસ કરે છે. રાજકોટની વિકાસ શરાફી સહકારી મંડળી, તુલસી શરાફી સહકારી મંડળી, ધનવર્ષા ક્રેડીટ કો.ઓપ.સો., પરીન ક્રેડીટ કો. ઓપ.સોસાયટી, જશ ક્રેડીટ કો.ઓપ. સોસાયટી, વિગેરે નામાંકીત મંડળીમાં કાનુની સલાહકાર તરીકે સેવા આપી રહેલ છે તેમના જન્મદિવસ નીમીતે મિત્રો, સ્નેહીઓ, સગા વ્હાલાઓ દ્વારા ચોમેરથી ૯૭૨૬૭૭૪૦૪૮ ઉપર શભેચ્છાઓ પાઠવી રહ્યા છે.સૌરાષ્ટ્ર ક્રાંતિ પરીવાર તરફથી એડવોકેટ અમિત ગડારાને જન્મ દિવસની ખૂબ ખૂબ શુભકામનાઓ....

# કાર ખાબકતા પાંચ લોકોનો આબાદ બચાવ



મોરબી તા.૧

વાંકાનેર તાલુકાના માટેલ ગામે આવેલ ખોડીયાર માતાજીના મંદિરે દર્શન કરવા માટે તેને કાર લઈને આવેલા લોકોની કાર માટેલીયા ધરા પાસે પાર્ક કરીને મૂકી હતી દરમિયાન કારચાલકે કારમાં બ્રેક ના બદલે ભૂલથી લીવર દબાવી દેતા કાર સીધી ધરામાં ખાબકી હતી જોકે, રામાં હાલ પાણી નહીવત હોવાથી કારમાં બેઠેલા ચારથી પાંચ વ્યક્તિઓનો આબાદ બચાવ થયો છે.

મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકામાં આવેલ માટેલ ગામે ખોડીયાર માતાજીના મંદિરે દર્શન કરવા માટે થઈને ગુજરાત અને ગુજરાત બહારથી અનેક ભક્તો આવતા હોય છે તેવી જ રીતે કાર લઈને ચારથી પાંચ લોકો આજે માટેલ ગામે માતાજીના દર્શન કરવા માટે થઈને આવ્યા હતા અને ત્યાં માટેલ ગામે ખોડીયાર માતાજીના મંદિર પાસે ધરાની નજીક કાર ચાલકે પોતાની કાર પાર્ક કરીને મૂકી હતી.

જે કારમાં ચારથી પાંચ વ્યક્તિઓ બેઠા હતા અને કાર ચાલકે કારને બ્રેક લગાવવાના બદલે ભૂલથી લીવર લગાવી દેતા કાર સીધી જ માટેલીયા ધરામાં ખાબકી હતી જોકે કાર ધરામાં પડી ત્યારે તેમાં ચારથી પાંચ વ્યક્તિઓ બેઠેલા હતા પરંતુ હાલ ધરામાં પાણી નહીવત હોવાથી કારમાં બેઠેલા તમામ લોકોનો આબાદ બચાવ થયો છે તેવું સ્થાનિક લોકો પાસેથી જાણવા મળ્યું છે

# બજેટમાં મંજૂર કામો શરૂ કરાવતા સ્ટે.ચેરમેન



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૦૧

મહાનગરપાલિકા દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે સ્ટે કમિટી દ્વારા મંજૂર કરવામાં આવેલ બજેટના અનુસંધાને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર દ્વારા ગત સપ્તાહે તમામ લગત શાખાધિકારીઓ સાથે બજેટની અમલવારીના સ્ટેટસ રીવ્યુ અંગે મીટીંગ કરવામાં આવેલી. જે બજેટમાં તમામ સીટી એન્જીનીયર, આસી. કમિશનર, લાયબ્રેરીયન, મેનેજરઓ (તમામ), ગાર્ડન ડાયરેકટર તથા આરોગ્ય અધિકારી સાથે બજેટમાં મંજૂર થયેલ તથા બજેટમાં સૂચવેલા કામો હાલ કયા તબક્કે છે, તથા કયા કામો કઈ સમય મર્યાદામાં પૂર્ણ થશે, જે અંગે સ્ટે કમિટી ચેરમેન દ્વારા વિસ્તૃત માહિતી મેળવવામાં આવી હતી.સ્ટે કમિટી દ્વારા બજેટમાં મંજૂર થયેલ સૌથી મહત્વની યોજનાઓ પૈકીની કોર્પોરેટરઓને પોતાના વોર્ડમાં ફાળવવામાં આવતી વિકાસ કામો માટેની વાર્ષિક ગ્રાન્ટ રૂ. ૧૫,૦૦,૦૦૦માં રૂ.૫,૦૦,૦૦૦નો વધારો કરી, ચાલુ બજેટથી આ ગ્રાન્ટ રૂ.૨૦,૦૦,૦૦૦ પ્રતિ કોર્પોરેટર દીઠ ફાળવવામાં આવેલ છે. તેમજ માનનીય મેયરને વિકાસ કામો માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટની રકમ રૂ.૬,૦૦,૦૦૦થી વધારી રૂ.૮,૦૦,૦૦૦, ડેપ્યુટી મેયર, સ્ટે કમિટી ચેરમેનને વિકાસ કામો માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટની રકમ રૂ.૪,૫૦,૦૦૦ થી વધારી રૂ.૬,૦૦,૦૦૦ ફાળવવામાં આવેલ છે. આ ઉપરાંત શહેરના ત્રણેય ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને પોત પોતાના કાર્યક્ષેત્રના ઝોનમાં વિકાસ કામો માટે સૌપ્રથમ વખત રૂ.૧૫,૦૦,૦૦૦ની ગ્રાન્ટ ફાળવવાની પ્રથા પણ શરૂ કરવામાં આવેલ છે.સ્ટે કમિટી ચેરમેન જયમીનભાઇ ઠાકર દ્વારા આવનારા દિવસોમાં બજેટમાં મંજૂર થયેલ કામોની સમીક્ષા તથા બજેટમાં ઉમેરવામાં આવેલ નવી યોજનાઓના અમલીકરણ માટે લગત અધિકારીઓ સાથે સમયાંતરે બજેટ અન્વયે કરેલ કામગીરી અંગે બેઠક કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

# પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં કાર્યકર સુવર્ણ મહોત્સવનો ઉદઘોષ

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે સમાજ માટે સમર્પિત કાર્યકરોને બિરદાવવામાં આવ્યા




(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૦૧

છેલ્લા સતત ૧૭ દિવસોથી રાજકોટ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની શોભા કંઈક અનેરી જોવા મળી રહી છે. નિત્ય ભક્તોના મહેરામણ વહેલી સવારથી જ મંદિરે પૂજા દર્શન માટે ઉમટી રહ્યા છે. સાયં સભા અને પારાયણમાં પણ અનેરા આનંદ અને ઉલ્લાસ સાથે ભક્તો વ્યવહારિક વ્યસ્તતા વચ્ચે પણ હજારોની સંખ્યામાં ઉપસ્થિત રહે છે.

તારીખ ૩૦ જૂન, રવિવારના રોજ પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજના રાજકોટ રોકાણના સત્તરમાં દિનને 'સેવા દિન' તરીકે ઉજવવામાં આવ્યો. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થામાં કાર્યકર માળખાને ૫૦ વર્ષ પૂર્ણ થતાં આ વર્ષને 'કાર્યકર સુવર્ણ વર્ષ' તરીકે ઉજવવામાં આવી રહ્યું છે. તે નિમિતે આજના દિને કાર્યકરોની સેવાને બિરદાવવામાં આવી હતી. વહેલી સવારથી જ મંદિરના અક્ષરબ્રહ્મ સંકુલના પ્રાંગણમાં સંસ્થાના હજારો સેવાનિષ્ઠ અને કર્તવ્યનિષ્ઠ કાર્યકરો શ્વેત વસ્ત્રોમાં અને કાર્યકર સુવર્ણ મહોત્સવના ખેસ સાથે શોભી રહ્યાં હતાં. સમગ્ર મંદિર જાણે શ્વેત હંસોરૂપી કાર્યકરોથી સજ્જ બન્યું હોય તેવું દ્રશ્યમાન હતું. મંદિર પર જ આકર્ષક મંચનું નિર્માણ કરાયું હતું. પ.પૂ.મહંતસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં કાર્યકર સુવર્ણ મહોત્સવના જયઘોષ સાથે સંતો અને કાર્યકરો દ્વારા હજારો ફુગ્ગાઓ ગગનગામી કરવામાં આવતા સમગ્ર વાતાવરણ આનંદમય અને ઉલ્લાસભર બની ગયું હતું.

આજના દિવસે પ.પૂ.મહંતસ્વામી મહારાજ દ્વારા બી.એ.પી.એસ. સંસ્થાનો વધુ એક નૂતન પ્રકલ્પ 'પ્રમુખ સંકલ્પ પ્રોગ્રામ' નો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રકલ્પ દ્વારા સંસ્થાના તેજસ્વી વિદ્યાર્થીઓને સ્કૂલ અભ્યાસની સાથે-સાથે જ, ધોરણ - ૭ થી જ UPSC-GPSC જેવી સિવિલ સેવા પરીક્ષાની તૈયારી કરાવવામાં આવશે. SANKALP કાર્યક્રમમાં મુખ્યત્વે SA - seeking aspirations, NK - Nurturing Knowledge અને ALP - Aiming for leading Personality એમ પ્રેરણા, જ્ઞાન અને કૌશલ્યના ત્રિવેણી પાસાંઓ પર વિદ્યાર્થીઓને તૈયારી કરાવવામાં આવશે. આ તકે આશીર્વચન આપતા પ.પૂ.મહંતસ્વામી મહારાજે જણાવ્યું હતું કે, 'આ કોર્ષ કરનાર ન માત્ર દેશ સેવા કરશે, પણ આ કોર્ષ દ્વારા વિદ્યાર્થીઓ એવા તૈયાર થશે જે ઘરમાં, દેશમાં અને સમગ્ર વિશ્વમાં કામ લાગશે. તમામ ક્ષેત્રે આગળ વધાશે અને વ્યક્તિગત રીતે પણ વિકાસ થશે. આગળ વધવા માટે આળસ ન રાખવી, જાત ઉપર દયા ન ખાવી અને સતત અભ્યાસ કરવો તો જીવન ચોક્કસ બદલાશે.'

આજે પારાયણના પૂર્ણાહુતિ દિને હજારો ભક્તોથી મંદિરના બંને સભાગૃહ હકડેઠઠ બન્યા હતા. પારાયણના અંતિમ દિને સંસ્થાના વિદ્વાન વક્તા સંત પૂજ્ય વિવેકસાગર સ્વામીએ પ્રેરણાત્મક વક્તવ્યનો લાભ આપ્યો હતો. ત્યારબાદ યુવકો દ્વારા સેવાદિન નિમિત્તે સંસ્થાના કાર્યકરોની સેવાને બિરદાવતો રસપ્રદ સંવાદ રજૂ થયો. જેમાં કાર્યકરો દ્વારા થતી સમાજ ઉત્કર્ષની સેવાઓ જેવી કે ભૂકંપ રાહત કાર્ય, દુષ્કાળ રાહત કાર્યો, વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન, કોરોના રાહત કાર્ય, યુક્રેન રાહત કાર્ય વગેરે જેવી આકસ્મિક આપત્તિઓમાં સદા સેવા અને સહાય માટે બી.એ.પી.એસ.ના કાર્યકરો તત્પર રહે છે. સભાના અંતે પ.પૂ.મહંતસ્વામી મહારાજે આશીર્વચન આપતા જણાવ્યું હતું કે, 'ભગવાન પર વિશ્વાસ રાખવો અને પ્રયત્ન ચાલુ રાખવો. ભગવાન જે કરે છે તે બરાબર કરે છે. એમ ગુણ લેવો. તમારા સ્વભાવો છે એ તમારા કરતા પણ જૂના છે. સ્વભાવ સહેલાઈથી ટળે નહિ તેના માટે મહેનત કરવી પડે, તેનો ઉપાય એ છે કે જે કાર્ય કરીએ છીએ તેમાં જ શ્રધ્ધા રાખીને મંડી પડવું. અને બાકી ભગવાનમાં વિશ્વાસ રાખવો. સ્વભાવ સહેલાઈથી ટળે નહિ, ધીરજ રાખવી પડે. વિશ્વાસપૂર્વક અને શ્રદ્ધાપૂર્વક કાર્ય ચાલુ રાખવું ને પછી ભગવાન પર છોડી દેવું.'

આજના ભવ્ય કાર્યકર સુવર્ણ મહોત્સવ સમારોહની પૂર્ણાહુતિ પૂજ્ય અપૂર્વમુનિ સ્વામી દ્વારા રચિત કાર્યકરોને સમર્પિત એવા કીર્તન પર યુવકોના શાનદાર નૃત્ય અને આરતી દ્વારા કરવામાં આવી હતી.

# ૩,૨૯,૭૨૪ કરદાતાઓએ રૂ.૨૪૪.૪૫ કરોડના વેરાની ભરપાઇ કરી

## ગત વર્ષ કરતાં રૂ.૩૨.૭૨ કરોડની વધુ આવક

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧

મહાનગરપાલિકાના વર્ષ-૨૦૨૪માં તા.૦૧-૦૪ થી તા.૩૦-૦૬ દરમ્યાન કુલ-૩,૨૯,૭૨૪ કરદાતાઓએ કુલ રૂ.૨૪૪.૪૫ કરોડના વેરાની ભરપાઇ કરેલ છે. જેમાં ઓફ લાઇન (કેશ તથા ચેક) દ્વારા ૯૩,૪૪૦ કરદાતાઓએ વેરો કુલ રૂ.૯૬.૨૭ કરોડ અને ઓન લાઇનના દ્વારા ૨,૩૬,૨૮૪ કરદાતાઓએ કુલ રૂ.૧૪૮.૧૮ કરોડ વેરાની ભરપાઇ કરેલ છે. કુલ વસુલ કરેલ રકમ પર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કુલ ૨૪.૧૨ કરોડનું ડિસ્કાઉન્ટ આપેલ છે.

વર્ષ-૨૦૨૩ તારીખઃ-૦૧-૦૪ થી તારીખઃ-૩૦-૦૬ સુધીમાં કુલ ૩,૦૯,૧૮૮ કરદાઓએ કુલ રૂ.૨૧૧.૭૩ કરોડ વેરાની ભરપાઇ કરેલ છે. જેમાં ઓફ લાઇન (કેશ તથા ચેક) દ્વારા ૧,૦૨,૦૯૪ કરદાતાએ વેરો કુલ રૂ.૮૪.૫૭ કરોડ અને ઓન લાઇન દ્વારા ૨,૦૭,૦૯૪ કરદાતાઓએ કુલ રૂ.૧૨૭.૧૬ કરોડની ભરપાઇ કરેલ છે. કુલ વસુલ કરેલ રકમ પર મહાનગરપાલિકા દ્વારા કુલ રૂ.૨૧.૬૩ કરોડનું ડિસ્કાઉન્ટ આપેલ છે. ગત વર્ષ કરતા ચાલુ વર્ષમાં મહાનગરપાલિકા દ્વારા રૂ. રૂ.૨.૩૯ કરોડની વધુ ડિસ્કાઉન્ટ આપેલ છે તથા ગત વર્ષ કરતાં રૂ.૩૨.૭૨ કરોડની વધુ આવક તથા ૨૦,૫૩૬ નવા કરદાતાઓએ વેરાની ભરપાઇ કરવામાં આવેલ છે.

# સરસ્વતી શિશુમંદિરમાં વાલી સંમેલન યોજાયું



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૦૧

વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન તેમજ સૌરાષ્ટ્ર શિક્ષણ અને સેવા સમાજ ટ્રસ્ટ રાજકોટ સંચાલિત સરસ્વતી શિશુમંદિરમાં વાલી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના મારૂતિનગર ખાતે આવેલા પ્રવીણકાકા મણીઆર કેમ્પસના પ્રાથમિક વિભાગના આચાર્યો દ્વારા પ્લેહાઉસ, નર્સરીથી ધોરણ ૮ના વિદ્યાર્થીઓના વાલીઓ માટે આયોજીત વાલી સંમેલનમાં વાલીઓને વર્તમાન શિક્ષણ વ્યવસ્થાની ધ્યાનમાં રાખવાની બાબતો, શાળાનાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે વાલીઓની ભૂમિકા, વાલીઓની સંતાનો પ્રત્યેની ફરજ, શાળાકીય વ્યવસ્થાપન તથા સુવિધાઓ, શૈક્ષણિક આયોજનો અને તેના કાર્યક્રમો અંગે વિશદ સમજણ આપી હતી. આ તકે શાળાના પ્રધાનાચાર્યો પારુલબેન અને નિયામક કનુબેનએ પણ ઉપસ્થિત વાલીઓને વાલી સંમેલનું મહત્વ સમજાવીને તેમના પ્રશ્નો-મુંજવણોનું નિરાકરણ આપતું પ્રાસંગિક ઉદ્દબોધન કર્યું હતું. સરસ્વતી શિશુમંદિરમાં યોજાયેલા વાલી સંમેલનમાં બહોળી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ફેફસામાં તકલીફ થઇ જતા ચિંતામાં કરૂણાબેનનો સળગીને આપઘાત

રાજકોટ,તા.૧

મવડી રોડ નવલનગરમાં રહેતા વૃધ્ધાને કોરોના પછી ફેફસામાં તકલીફ થઇ જતા સતત ચિંતાના કારણે તેણે સળગી આપઘાત કરી લેતા પરિવારમાં શોક વ્યાપી ગયો છે.મળતી વિગત મુજબ શહેરના મવડી મેઇન રોડ પર નવલનગર શેરી નં. ૧૭ માં રહેતા કરૂણાબેન કિશોરભાઇ ચૌહાણ (ઉ.વ.૬૨) એ ગઇકાલે પોતાના ઘરે એકલા હતા. ત્યારે પોતે પોતાની જાતે સળગી જતા દેકારો બોલતા આસપાસના લોકો એકઠા થઇ ગયા હતા. બાદ કોઇએ ૧૦૮માં જાણ કરતા ૧૦૮ ની ટીમે સ્થળ પર પહોંચી તપાસ કરતા વૃધ્ધાનું મૃત્યુ નિપજયું હોવાનું જણાતા પોલીસને જાણ કરવામાં આવી હતી. જાણ થતા માલવીયાનગરના હેડ કોન્સ કે.જી. ઝાલા સહિતે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. મૃતક કરૂણાબેનને સંતાનમાં એક પુત્ર છે. પાંચ વર્ષ પહેલા તે ખાનગી શાળામાં પટ્ટાવાળા તરીકે નોકરી કરતા હતા. બાદ કોરોના પછી તેને ફેફસામાં અસર થવાના કારણે થોડુ ચાલે ત્યાં તેને શ્વાસ ઉપડતા હતો અને પથારી વશ થઇ જતા તેથી તે સતત ચિંતામાં રહેતા હોઇ તેણે આ પગલુ ભર્યુ હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે.

# રાજકોટ જસદણ રૂટની રાત્રે બસ નહી આવતા અનેક મુસાફરો પરેશાન




(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ,તા.૧

રાજકોટ થી રાત્રે ઉપડતી રાજકોટ જસદણ રૂટની બસ ૯.૧૫ વાગ્યા સુધી નહી આવતા અનેક મુસાફરો પરેશાન થયા હતા.

રાજકોટ બસ સ્ટેશન ખાતેથી રોજ રાત્રે ૮.૧૫ કલાકે રાજકોટ જસદણ રૂટની બસ જસદણ માટે ઉપડે છે આ બસમાં અનેક નોકરીયાતો, વેપારીઓ સહિતના મુસાફરો નિયમિત જસદણ આવે છે. તારીખ ૨૯-૦૬ને શનિવારે રાત્રે ૮.૧૫ કલાકે આ બસ નહી આવતા અનેક મુસાફરો રખડી પડ્યા હતા. ઉપરાંત તે દિવસે રાજકોટ જસદણ સહિત સમગ્ર રાજકોટ જિલ્લામાં ખૂબ જ વરસાદ હતો ત્યારે આ બસ નહીં આવવાથી મુસાફરોને મોટા પ્રમાણમાં હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. રાજકોટ ઇન્કવાયરી ઓફિસ ખાતે તપાસ કરતા ૮.૧૫ કલાની આ બસ સેવા કલાક મોડી એટલેકે ૯.૩૦ કલાક બાદ રાજકોટના બસ સ્ટેશનમાં આવી હતી અને જસદણ જવા માટે ઉપડી હતી જોકે અંદાજે સવા કલાક બસ મોડી આવતા અનેક મુસાફરોએ પોતપોતાની રીતે વ્યવસ્થા કરીને વાયા આટકોટ થઈને અથવા ખાનગી વાહનો દ્વારા જસદણ પહોંચ્યા હતા. દરરોજ રાત્રે ૯.૧૫ કલાકે ઉપડતી રાજકોટ જસદણ રૂટની બસ પણ અનેક વખત અનિયમિત હોય છે. નિયમિત અને સમયસર બસ ઉપડે તેવી મુસાફરોની માગણી છે.

# ગ્રામસેવકની ભરતીમાં નિયમો વિરુદ્ધ નોકરી મેળવેલ ૯ ગ્રામસેવક ફરજમુક્ત

કોડીનાર,તા.૦૧

૨૦૧૬-૧૭ માં રાજ્યની જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિઓના માધ્યમથી ગ્રામસેવકોની ભરતી કરવામાં આવી હતી,જેમાં પંચાયત વિભાગ દ્વારા કૃષિ ક્ષેત્રમાં ડિપ્લોમા અથવા BRS લાયકાત નક્કી કરવામાં આવેલ,પરંતુ રાજ્યના અનેક જિલ્લાઓમાં પંચાયત વિભાગના જ ૨૦૧૪ના નિયમો નેવે મૂકીને બી.એસ.સી એગ્રીકલ્ચરના ઉમેદવારોને નોકરીઓ આપી દેવામાં આવી હતી તે બાબતે સતત ફરિયાદો કરવામાં આવી રહી હતી,જે પૈકી સુરત,વલસાડ,ગીર-સોમનાથ અરવલ્લી,બી.કે અને પાટણ જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ દ્વારા નિયમો વિરુદ્ધ નિમણૂકો આપવામાં આપેલ તે ઉમેદવારોના નામ સહિત યુવા અગ્રણી ભાવેશ સોલંકીએ ૨૦૨૦માં ઉચ્ચ સ્તરે ફરિયાદ કરી હતી,આમ છતાં પંચાયત વિભાગે બી.એસ.સી એગ્રીકલ્ચર ઉચ્ચ ડિગ્રી હોઈ માટે નિમણૂકો આપી છે તેવો જવાબ આપીને લુલો બચાવ કર્યો હતો,પરંતુ આ ભરતીને આજે આશરે ૭ વર્ષ બાદ બી.કે જિલ્લામાં અન્યાયનો ભોગ બનનાર ઉમેદવારોએ હાઈકોર્ટના દ્વારા ખખડાવેલ જેમાં તેઓને ન્યાય મળતા બી.કે જિલ્લામાં ૨૦૧૭માં નિયમો વિરૂદ્ધ ભરતી થયેલ કુલ ૯ ગ્રામસેવકને છુટા કરવા ચક્રો ગતિમાન થયા છે.

આ સાથે જ યુવા અગ્રણી ભાવેશ સોલંકીએ ૨૦૧૬-૧૭ની ગ્રામસેવક ભરતીમાં અન્ય જિલ્લાઓમાં નિયમોને નેવે મૂકીને નોકરીમાં લાગેલા ગ્રામસેવકોને છુટા કરવા તેમજ સરકાર દ્વારા SITની રચના કરી અને ભરતીમાં નિયમો વિરૂદ્ધ નિમણૂકો આપી દેવામાં સમાવિષ્ટ અધિકારીઓ અને સમિતિના સભ્યો સામે પણ કડક પગલાં લેવા ફરિયાદ કરવામાં આવી છે.

વિશેષમાં યુવા અગ્રણી ભાવેશ સોલંકીએ જણાવ્યું હતું કે પંચાયત વિભાગે ૨૦૨૨ના વર્ષમાં ગ્રામસેવકની ભરતી જાહેર થવાના સમયે રાતોરાત ઉચ્ચ ડીગ્રીઓને સમાવેશ કરેલ તેનું મુખ્ય કારણ તેઓને રોજગારીની તક આપવાનું નહિ પરંતુ ૨૦૧૬-૧૭માં નિયમો વિરૂદ્ધ થયેલ ભરતીની ગેરરીતિ દબાવવાના પ્રયાસો હતા અને આ બાબતે જે તે સમયે ગુજરાતના સુપ્રસિદ્ધ સમાચાર પત્રોમાં પણ આ અહેવાલ પ્રસિદ્ધ થયેલ,અને હાઈ કોર્ટના ચુકાદા બાદ થયેલ બી.કે માં થયેલ કાર્યવાહી એનું સ્પષ્ટ ઉદાહરણ છે.

# નરસિંહ ભગત છાત્રાલયમાં રૂ. ૯.૭૯ કરોડના ખર્ચે પાંચ માળનું બિલ્ડિંગ નિર્માણ પામશે

## ભાનુબેન બાબરિયાના હસ્તે બ્લોક-એ બિલ્ડિંગનું ખાતમુહૂર્ત કરાયું



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

અમદાવાદ,તા.૦૧

અમદાવાદમાં પાલડી ખાતે આવેલા નરસિંહ ભગત છાત્રાલયમાં સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ભાનુબહેન બાબરીયાના હસ્તે બ્લોક-એ બિલ્ડિંગનું ખાતમુહૂર્ત કરાયું હતું.

આ પ્રસંગે મંત્રી ભાનુબહેન બાબરીયાએ જણાવ્યું હતું કે, નરસિંહ ભગત છાત્રાલયમાં લાખો વિદ્યાર્થીઓએ અહીંયા રહીને સારું શિક્ષણ મેળવીને પોતાનાં સપનાં સાકાર કર્યાં છે. સંકલ્પ એ સફળતાનું પ્રથમ પગથિયું છે. વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વમાં શિક્ષણનો વ્યાપ છેવાડાના વ્યક્તિ સુધી પહોંચે અને વિદ્યાર્થીઓનાં સપનાં સાકાર થાય એ માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે, એવું તેમણે ઉમેર્યું હતું.

મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જે પ્રકારે કામ કરી રહ્યા છે તેનો ડંકો સમગ્ર વિશ્વમાં વાગ્યો છે અને એક ગુજરાતી હોવાનું સૌનું ગૌરવ વધાર્યું છે. આપણા રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અનુસૂચિત સમાજના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ ક્ષેત્રે વિવિધ યોજનાઓ સાર્થક કરી છે. એવું તેમણે ઉમેર્યું હતું.

નિર્માણ પામનાર હોસ્ટેલની વિશેષતા વિશે મંત્રી ભાનુબહેન બાબરીયાએ જણાવ્યું હતું કે નરસિંહ ભગત છાત્રાલયના બ્લોક-એ બિલ્ડિંગનું નિર્માણ કરવામાં આવશે, જેમાં ગ્રાઉન્ડ ફ્લોર વત્તા પાંચ માળની ઈમારત આકાર લેશે. આ બિલ્ડિંગ આશરે રૂ. ૯.૭૯ કરોડના ખર્ચે નિર્માણ પામશે, જેમાં ૨૭૦ જેટલા વિદ્યાર્થીઓને વિનામૂલ્યે રહેવા/ જમવાની સગવડ આપી શકાશે તેમજ રમતગમતનાં સાધનો, સામયિકો વગેરે સરકાર દ્વારા પૂરા પાડવામાં આવશે, એવું તેમણે ઉમેર્યું હતું.

ખાતમુહૂર્તના આ કાર્યક્રમમાં અમદાવાદનાં મેયર પ્રતિભાબહેન જૈન, દાણીલીમડાના ધારાસભ્ય શૈલેષભાઈ પરમાર, અસારવાના ધારાસભ્ય દર્શનાબહેન વાઘેલા, અનુસૂચિત જાતિ કલ્યાણના નિયામક સહિત અન્ય અધિકારીઓ ઉપસ્થિતિ રહ્યા હતા.

# વીર હનુમંત ટાઉનશીપ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસા.લી માં હોદ્દેદારોની વરણી

## પ્રમુખ પદે પ્રવિણકુમાર લાખાણીની નિમણૂંક




(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૦૧

રાજકોટ મહાનગરપાલિકા વોર્ડ નં.૧૧(મવડી) વિસ્તાર ખાતેના હાઇરાઇઝ બીલ્ડીંગ સરકારની પ્રધાનમંત્રી આવાસ યોજના/વીર હનુમંત ટાઉનશીપ, વીર હનુમંત ટાઉનશીપ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લીમીટેડ, રાજકોટ-૫ વીર હનુમંત ટાઉનશીપ ૨૨૦ આવાસના કવાટર્સ હોદેદારોની નિમણૂંક કરાઇ છે. જેમાં પ્રવિણકુમાર પ્રભુદાસ લાખાણી(પ્રમુખ), નરેન્દ્રસિંહ દાનુભા જાડેજા (ઉપપ્રમુખ), નિલયભાઇ પી.ગણાત્રા (મંત્રી), પ્રફુલાબા બળવંતસિંહ ઝાલા (મહિલા સેલ પ્રમુખ), બીપીનભાઇ રાજયગુરૂ ('એ' વીંગ), કાન્તિભાઇ ચાવડા ('બી' વીંગ), ગાયત્રીબેન પંડયા ('સી' વીંગ), નવઘણભાઇ ગમારા ('ડી' વીંગ)ની નિયુકિત થયેલ છે. તેમ જણાવ્યું છે.

# સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળના પ્રમુખ પરાગભાઇ તેજૂરા નો જન્મ દિવસ



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૦૧

સ્વતંત્ર સેનાની સ્વા. ચંદુભાઇ તેજૂરા તથા પુષ્પાબેનના સૌથી નાના પુત્ર એવા પરાગભાઇ મચ્છુ હોનારત સમયથી સામાજિક જીવનમાં કાર્યરત છે. જેસીઝ સંસ્થા, માં રાષ્ટ્રીય ઉપપ્રમુખ તરીકે સેવાઓ આપેલ. અલગ સૌરાષ્ટ્ર કચ્છ રાજ્યની વિકાસ અને અન્યાય ના મુદ્દે છેલ્લા ૨૪ વર્ષથી લડત ચલાવી રહેલ પરાગભાઇએ સૌરાષ્ટ્રના અનેક પ્રશ્નોનો ઊંડાણથી અભ્યાસ કરીને રજૂઆતો કરેલ. ૨૦૦૦ની સાલ માં પરચુરણ ની અછત, સૌરાષ્ટ્ર વોટર ગ્રીડ યોજના, આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, નાળિયેરીના વાવેતરની યોજના, આઇટી પાર્ક ની માંગણી, ટેક્સટાઇલ પોલિસી, કાર ઉત્પાદક કંપનીઓને રાજકોટ લાવવાના પ્રયત્નો, સૌરાષ્ટ્ર માટે એક મલ્ટી સ્પેશિયાલિટી સરકારી હોસ્પિટલ સહીત અનેક વિકાસ લક્ષી રજૂઆતો તેમને કરેલ. છેલ્લા ૧૦ વર્ષથી સૌરાષ્ટ્ર કચ્છ ને આંતરરાષ્ટ્રીય ઓળખ અપાવવા સતત વિદેશી પ્રતિનિધિ મંડળોને રાજકોટ બોલાવી રહ્યા છે. શ્રી અખિલ સૌરાષ્ટ્ર રઘુવીર સેના માં પણ છેલ્લા ૧૩ વર્ષથી સક્રિય ભૂમિકા ભજવેલ છે.

# કોળી ઠાકોર સેના સંગઠનમાં પ્રમુખ પદે મીનાબેન જાદવની વરણી



'સૌરાષ્ટ્ર ક્રાંતિ'ની મુલાકાતે આવેલા જાદવ મીનાબેન, પ્રવિણાબેન રાઠોડ, ડાભી અંજનાબેન, વિધિ ગોહેલ, ધોળકીયા અનશુયાબેન તસવીરમાં નજરે પડે છે.

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૦૧

કોળી ઠાકોર સેના થોડા સમયમાં લોકોના કામ અને ગરીબ વિદ્યાર્થીની ફી ભરી ગુજરાત ભરમાં નામ વ્યાપી દીધું છે અને કોળી ઠાકોર સેના સંગઠનમાં મોટી જવાબદારી મીનાબેન જાદવને સોપવામાં આવી સૌરાષ્ટ મહિલા પ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવી, કોળીઠાકોર સેના દ્વારા ગુજરાતમાં સમસ્ત કોળી સમાજ એક બેનરમાં આવે એ પહેલ ગુજરાત પ્રમુખ જયેશ ઠાકોર કરી છે જેમા શહેર તાલુકા જીલ્લાના હોદેદારોની બહોળી સંખ્યામાં નિમુંણક કરવામાં આવી અને આવનારા દિવસોમાં શિક્ષણમાં મદદરૂપ અને સામાજીક પ્રવૃતિઓ સમાજના યુવાનને નોકરી રોજગાર મળે અને સૌરાષ્ટ્ર કચ્છ ગુજરાત માં સંગઠન મજબુત બને એવા પ્રયત્નો કરવામાં આવશે.તેમ જણાવ્યું છે.

# સૌરાષ્ટ્ર-કચ્છમાં ૧ થી ૮ ઈંચ જેટલો વરસાદ પડયો

## કચ્છમાં ૦.૫ થી ૫, જામનગર જિલ્લામાં ૦.૫થી ૩, મોરબી જિલ્લામાં ૩ ઈંચ, અમરેલી જિલ્લામાં ૦.૫થી ૪.૫ ઈંચ સુધીનો વરસાદ

રાજકોટ,તા.૧

છેલ્લા ૨૪ કલાક દરમ્યાન સૌરાષ્ટ્ર-કચ્છ ઉપર મેઘરાજાએ અનરાધાર કૃપા વરસાવી હતી અને ૧ થી ૮ ઈંચ જેટલો સર્વત્ર વરસાદ પડી ચુકયો હતો. ખાસ કરીને જુનાગઢ જિલ્લામાં ૧ થી ૮ અને દ્વારકા જિલ્લામાં પણ ૧ થી ૮ ઈંચ જેટલો વરસાદ પડયો હતો.

જુનાગઢનાં વંથલીમાં ૬, મેંદરડામાં ૫ ઈંચ, ભેંસાણમાં ૪, જુનાગઢ શહેરમાં ૪, વિસાવદરમાં ૪, માળીયાહાટીનામાં ૨, માંગરોળમાં સવા ઈંચ જયારે દ્વારકામાં સવારે ૭ વાગ્યા સુધીમાં ૬ ઈંચ, ખંભાળીયા, કલ્યાપુરમાં ૨ ઈંચ વરસાદ વરસી ગયો હતો અને સમગ્ર દ્વારકા પંથકમાં સવારે ૧૦ વાગ્યા સુધીમાં ૭ થી ૮ ઈંચ પાણી વરસી ગયું હતું.

આ ઉપરાંત પોરબંદરનાં કુતિયાણામાં પણ ધોધમાર ૬ ઈંચ, જયારે કચ્છનાં મુંદ્રામાં ૫, માંડવીમાં ૨, ગાંધીનગરમાં ૨, અંજારમાં દોઢ, ઉપરાંત રાજકોટ શહેરમાં ૦.૫ ઈંચ, જયારે જિલ્લામાં જેતપુરમાં ૪, કંડોરણામાં ૩, ઉપલેટામાં દોઢ, ગોંડલ ૧, જસદણ-સવા ઈંચ વરસાદ નોંધાયો હતો.

જામનગર જિલ્લામાં ભારે વરસાદની આગાહી વચ્ચે ૪૮ કલાક દરમિયાન ત્રણ ઈંચ જેટલો વરસાદ થયો હતો જોકે ગ્રામ્ય પંચકમાં તો પાંચ જેટલો વરસાદ થવાથી વાડી ખેતરો અને સીમમાં તો પાણી ભરાયા હતા અને નદીમા પૂર આવ્યા હતા. રવિવારે આખો દિવસ જામનગર શહેરમાં વાદળછાયું વાતાવરણ વચ્ચે ઝરમર વરસાદ હતો શહેરમાં ધીમો ધારે વરસાદ પણ થયો હતો જિલ્લામાં ધ્રોલમાં બે કલાકમાં બે ઈંચ વરસાદથવા થી અનેક વિસ્તારમાં પાણી ભરાયા હતા.

જામનગર જિલ્લામાં છેલ્લા ૪૮ કલાક દરમિયાન જામનગરમાં અડધો ઈંચ ,જોડીયામાં બે ઈંચ, ધ્રોલમાં ત્રણ ઈંચ, કાલાવડમાં અડધો ઈંચ ,લાલપુરમાં અડધો ઈંચ અને જામજોધપુરમાં દોઢ ઈંચ વરસાદ થયો હતો.

ભાવનગર શહેર અને જિલ્લામાં સતત ત્રીજા દિવસે વરસાદી માહોલ જળવાઈ રહ્યો છે. ભાવનગર જિલ્લાના મહુવા તાલુકા દોઢ ઈંચ ધોધમાર વરસાદ વરસ્યો હતો, જ્યારે ગ્રામ્ય પંથકમાં પણમાં ઝરમરથી લઈ અડધાથી એક ઈંચ વરસાદ પડ્યો છે.

ગોહિલવાડ પંથકમાં મેઘરાજા ધીમીધારે વરસાદ વરસાવી રહ્યા છે. શહેર અને સમગ્ર જિલ્લામાં ધીમીધારે અડધા થી એક ઈંચ જેટલો વરસાદ પડ્યો છે.

અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાંક દિવસોથી મેઘાવી માહોલ જામેલ હોય, અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન અમરેલી, વડીયા, લાઠી, સાવરકુંડલા, બાબરા, ખાંભા, બગસરા, જાફરાબાદ, રાજુલા સહિતના પંથકમાં હળવાથી લઈ ધોધમાર સાડાચાર ઈંચ વરસાદ પડ્યો હતો.અમરેલી પંથકમાં ગઈકાલ સવારેથી શરૂ થયેલા દિવસે મેઘાવી માહોલ જામતા અમરેલી શહેરમાં હળવા ભારે વરસાદી ઝાપટા પડતાં શહેર ગ્રામ્ય વિસ્તારોમાં ધીમીધારે વરસાદથી પાણી ભરાયાં હતા. જ્યારે અમરેલી તાલુકાના લાલાવદર, લીલીયાનું ગોઢાવદર, શેઢાડા, સલડી ગામોમાં મેઘમહેર જોવા મળી હતી.બગસરા પંથકમાં ગામડાઓમાં હડાળા, માવજીજવા, બાલાપુર, પીઠડીયા, જુના વાઘણીયા, ખારી, ખીજડીયા, ચારણ પીપળી ગામોમાં ધોધમાર વરસાદ પડ્યો હતો.

ઉપલેટા તાલુકાના ઢાંક ગામે મેઘરાજાએ ઘણી રાહ જોવડાવી અને તા. ૩૦ને રાત્રીના ૩ વાગ્યે વરસાદ શરૂ થતા તા. ૧ને સવારના ૮ વાગ્યા સુધીમાં ૫.૫ ઈંચ વરસાદ થયો છે. અસહ્ય ગરમી વચ્ચે મેઘરાજા મન મુકીને રાત્રે શરૂ થયેલ વરસાદ ૫.૫ ઈંચ વરસી જતા ખેડુતો ખુશખુશાલ થઇ ગયા છે. આજુબજુના ગધેથળ, રાજપરા, ચરેલીયા, મેરવદર, પ્રાંસલા વિસ્તારોમાં પણ સારા વરસાદના સમાચાર મળેલ છે.

ધ્રોલ તથા આજુબાજુના વિસ્તારોમાં લાંબા સમય સુધી રાહ જોવડાવ્યા બાદ બપોરે ૨ થી ૪ વાગ્યા સુધીમાં જોરદાર ગાજવીજ સાથે બે કલાકમાં ૬૦ મીમી વરસાદ પડી ગયેલ છે. ધ્રોલ ખાતે બે કલાકમાં ૨.૫ ઈંચ વરસાદ પડી જતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાના બનાવો બનેલ. શહેરના મુખ્ય ગણાતા જોડીયા રોડ ઉપર બે થી અઢી ઈંચ ફુટ પાણી ભરાયેલ છે.

જામનગર તાલુકાના ફલ્લા ગામે દિવસ દરમ્યાન ધીમી ધારે વરસેવા વરસાદથી એક ઈંચ વરસાદ નોંધાયો છે. અહીં મોસમનો કુલ ચાર ઈંચ વરસાદ નોંધાયો છે.

કોટડાસાંગાણીમાં બપોરથી વરસાદ વાતાવરણ થયેલ અને વરસાદ ના ઝાપટાં પડેલ સાંજના ૪ વાગ્યા સુધી એક ઈંચ સુધીનો વરસાદ નોંધાયેલ જેમાં ગરમીમાં ઘણી બધી રાહત થયેલ તેમજ કોટડાસાંગાણી પંથકમાં પણ વરસાદના ઝાપટા પડવાના અહેવાલ પ્રાપ્ત થયેલ જેમાં ભાડવા રાજપરા રાજગઢ માણેકવાડા ખરેડા નવી ખોખરી મોટા માંડવા રામોદ સતાપર રામપરા નારણકા ભાડુઈ પાંચ તલાવડા અરડોઈ સાપર કોટડાસાંગાણી ના પંથકોમાં વરસાદ પડેલ ખેડૂતોને વાવેતરમાં પાણજોગ વરસાદ પડેલ હોય તેવા સમાચાર પ્રાપ્ત થઈ રહેલ છે.

કાલાવડ તાલુકાના નવાગામ, ધુન ધોરાજી, ઉમરાળા, જામવાળી, હુકમતી સરવાણીયા, માછરડા, મોટી વાવડી સહિત ગ્રામ્ય પંથકમાં ગત રાત ૩ વાગ્યાથી ભારે વરસાદ ભારે વરસાદના પગલે સ્થાનિક નદીમાં પુરની સ્થિતિ સર્જાઇ, માછરડાની તો સ્થાનિક નદીમાં પુર આવતા વાહન વ્યવહાર ખોરવાઇ ગયો હતો તેમજ ઉમરાળા નેસની વાત કરવામાં આવે તો ત્યાં પણ વાહન વ્યવહાર ખોરવાઇ ગયો હતો.

# ધી કો-ઓપરેટીવ બેંક ઓફ રાજકોટ લી.ના ૮૩ હજારથી વધુ સભાસદોને ભેટ વિતરણ

## પ્રથમ તબક્કામાં જ ૫૭ હજારથી વધુ સભાસદોએ ભેટ મેળવી ખુશી વ્યક્ત કરી

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)



રાજકોટ,તા.૦૧

ધી કો-ઓપરેટીવ બેંક ઓફ રાજકોટ લી. - મલ્ટી સ્ટેટ કો-ઓપરેટીવ બેંક ઉતરોતર પ્રગતિ કરી રહેલ છે. જેના ફળ સ્વરૂપે બેંકે વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માં ૯૧ કરોડથી વધારેનો નફો કરેલ હોય અને તેનો લાભ સભાસદોને પણ મળે તે હેતુથી ૧૯૯૦થી સભાસદોને ભેટ આપવાની પરંપરા છે અને દર વખતે નવી નવી ગૃહ ઉપયોગી બ્રાન્ડેડ વસ્તુ આપવામાં આવે છે એ બેંકની આગવી પ્રણાલિકા છે. આ પ્રણાલિકાને આગળ વધારતા સભાસદોને વર્ષ ૨૦૨૪ની સભાસદ ભેટ (લ્યુમીનાર્ક કંપનીના કાચના જાર-૪નો સેટ નંગ-૧) નું વિતરણ બેંકના ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર અને બોર્ડ ઓફ ડીરેકટર્સ તથા બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યો હસ્તક શુભારંભ કરવામાં આવ્યું હતું. બેન્કની તમામ ૨૭ બ્રાન્ચમાંથી પ્રથમ તબક્કે તા. ૨૨.૦૬, શનિવાર, તા. ૨૩.૦૬, રવિવાર તેમજ ૩૦.૦૬, રવિવારના રોજ આપવાનું નક્કી કરવામાં આવેલ. ત્યાર-બાદ બીજા તબક્કામાં તા. ૧૫.૦૭ થી ૩૧.૦૭ સુધી સોમવારથી શુક્રવાર દરમિયાન બપોરે ૨થી ૫ દરમિયાન આ ભેટનું વિતરણ ચાલુ રહેશે. બેન્કના બોર્ડ ઓફ ડિરેક્ટર્સના માર્ગદર્શન હેઠળ બેન્કના તમામ કર્મચારીઓ દ્વારા તમામ સભાસદોને ભેટ મળી રહે તે માટે સતત પ્રયત્નશીલ છે.

ભારત સરકારના નોટીફીકેશન તેમજ રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના પરિપત્ર મુજબ દરેક બેંકોએ પોતાના ગ્રાહકોની CKYC (સેન્ટ્રલ KYC રજીસ્ટ્રી) પ્રક્રિયા ફરજીયાતપણે પૂર્ણ કરવાની સુચના છે. જેથી બેંકના તમામ ખાતેદારોને જણાવવાનું કે અગાઉ KYC ની પૂર્તતા કરી હોય તો પણ જે સભાસદોનો CKYC બાકી હોય તેઓએ તાજેતરનો ફોટો, આધારકાર્ડ, પાનકાર્ડ, વગેરે અપડેટ કરવાના હોવાથી લાગુ પડતા ડોક્યુમેન્ટ્સ વહેલી તકે જે શાખામાં આપનું ખાતું હોય ત્યાં અથવા આપની નજીકની શાખામાં તાત્કાલીક ધોરણે રજુ કરવાના રહેશે. ઉપરાંત જે ખાતેદારોએ અને સભાસદોએ છેલ્લા ૨ વર્ષ કે તેથી વધુ સમયથી પોતાના ખાતામાં નાણાકીય વ્યવહારો કર્યા ન હોય તે કારણે ખાતુ ડોરમેંટ (નિષ્ક્રિય) અવસ્થામાં હોય તેઓએ પણ ઉપર જણાવ્યા પ્રમાણેના પુરાવાઓ રજુ કરી રુબરુ બેંકની શાખાની મુલાકાત લઈ ખાતુ એક્ટિવેટ (સક્રિય) કરવા જરુરી નાણાકીય વ્યવહાર તેમજ CKYC પૂર્તતા કરવા બેંકની યાદી દ્વારા જણાવવામાં આવે છે.

# વિજય કોમર્શિયલ કો-ઓપરેટીવ બેન્ક લી. રાજકોટની ૪૯ મી વાર્ષિક સાધારણ સભા સંપન્ન

## બેન્કનાં ચેરમેન તરીકે નિકુંજ ધોળકીયા તથા વાઈસ ચેરમેન તરીકે ધીરેન પારેખની સર્વાનુમતે વરણી

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)



રાજકોટ,તા.૦૧

રાજકોટ શહેરની સહકારી બેન્કોમાં અગ્રગણ્ય એવી વિજય કોમર્શિયલ કો-ઓપરેટીવ બેન્ક લી. રાજકોટની ૪૯ મી વાર્ષિક સાધારણ સભા તા.૨૬-૦૬ના રોજ સંપન્ન થઈ. આ સાધારણ સભામાં મોટા પ્રમાણમાં બેન્કના ડેલીગેટઓ, આમંત્રિતો ઉપસ્થિત રહયા હતા. બેન્કનાં ચેરમેન ગોપાલભાઈ માકડીયાએ આનંદ અને હર્ષ સાથે જણાવ્યુ કે બોર્ડ ઓફ ડાયરેકટર્સના ગ્રુપ એફર્ટ,ઈન્વોલ્વમેન્ટ, વિશ્વાસ અને સક્રીય સહકારના કારણે બેન્ક ઝડપથી પ્રગતિ કરી રહેલ છે બેન્કનો વહિવટ તદન પારદર્શક છે પ્રગતિશીલ વિચારધારા ધરાવે છે. નિતી વિષયક નિર્ણયો ઝડપથી લેવામાં આવે છે. અને બેન્કનું બોર્ડ ઉદારીકરણથી કામ કરી કાર્યશીલ વહિવટનું પ્રતિબિંબ પાડે છે. વિજય બેન્ક રીઝર્વ બેન્કનાં કર્મ્ફટઝોનમાં છે અને રીઝર્વ બેન્કનાં પેરા મીટર પ્રમાણે ફાયનાન્સીયલ સાઉન્ડ એન્ડ વેલ મેનેજમેન્ટ કેટેગરીમાં છે. તેઓએ દ્રઢ ગૌરવભેર જણાવ્યુ કે, બેન્કે ૪૯ વર્ષનાં ઈતિહાસમાં મકકમ અને ઠોસ પ્રગતિ કરી છે બેન્કનું બોર્ડ સતત સક્રિય અને જાગૃત છે. બેન્ક મક્કમતા પૂર્વક પ્રગતિના સોપાનો સર કરી રહી છે. સહકારી જગતમાં અગ્રગણ્ય વિક્સતી બેન્કના દરજ્જામાં વિજય કોમર્શિયલ કો-ઓપરેટીવ બેન્ક આધુનિક બેન્કીંગ અને ટેકનોલોજી સાથે તાલ મિલાવી રહી છે. બેન્ક આધુનિક ટેકનોલોજી અપનાવવામાં હંમેશા અગ્રેસર છે. બેન્કે આજરોજ અદ્યતન ટેકનોલોજીમાં એક પીછુ ઉમેરી ઈન્સ્ટા એ.ટી.એમ્ કાર્ડ લોન્ચ કરેલ છે. જે સૌ હાજર આમંત્રીતો તથા ડેલીગેટઓએ ઉમળકાભેર સ્વીકારી સૌએ અભિનંદન પાઠવેલ છે. હાલમાં બેન્કે ખુબ જ સ્પર્ધાત્મક એફ.ડી.ના વ્યાજદર બે વર્ષથી વધુ અને પાંચ વર્ષ સુધી ૮.૧૫% ના દરે આપવાનું શરૂ કરેલ છે. આ સાધારણ સભામાં રાજકોટ શહેરનાં મેયર નયનાબેન પેઢડીયા તથા અશોકભાઈ ખંધાર - પૂર્વ બોર્ડ ઓફ નોમીની, જીમ્મીભાઈ દક્ષિણી- કાર્યકારી ચેરમેન, રાજકોટ નાગરીક સહકારી બેન્ક લી. વિશેષ ઉપસ્થિત રહયા હતા. એ.જી.એમ્ પછી મળેલ નુતન નિર્વાચીત બોર્ડ ઓફ ડીરેકટરની મીટીંગમાં વિજય બેન્કની પરંપરા મુજબ સર્વાનુમતે નિકુંજભાઈ ધોળકીયાને ચેરમેન તરીકે તથા ધિરેનભાઈ પારેખનો વાઈસ ચેરમેન તરીકે સર્વાનુમતે ચૂંટવામાં આવ્યા હતા. આ ચૂંટણીની વિશેષતા એ હતી કે બેન્કનાં ગતવર્ષના ચેરમેન ગોપાલભાઈ માકડીયાએ ચેરમેન તરીકે નિકુંજભાઈનાં નામનો પ્રસ્તાવ મુકી તેમજ ગત ટર્મનાં વાઈસ ચેરમેનદિપકભાઈ પટેલએ ધિરેનભાઈ પારેખનું વાઈસ ચેરમેન તરીકે નામનો પ્રસ્તાવ મુકી ઉતમ સહકારીતાનું પ્રેરક ઉદારણ પુરૂ પાડેલ હતુ.

# રાજકોટ શહેર સાયબર ક્રાઈમ પોલીસે સાયબર ફ્રોડમાં ભોગ બનેલા છ લોકોને રકમ પરત અપાવી

## હોટેલ બુકિંગ, વિદેશથી પાર્સલ આવ્યું, વાહન પરિવહનનો ફેક મેમો મોકલી થઈ હતી લાખોની ઠગાઈ

રાજકોટ,તા.૦૧

ઓનલાઇન સાયબર ફ્રોડની ઘટનાઓ દરરોજ સાયબર ક્રાઇમ પોલીસને મળતી રહે છે. અનેક કેસમાં પોલીસ છેતરાયેલા લોકોને નાણાં પરત અપાવે છે. આવા છ લોકોને લાખોની રકમ પાછી અપાવાઈ છે.

રાજકોટમાં હોટલ બુકિંગના બહાને, કુરિયરના બહાને, વિદેશથી પાર્સલ આવ્યું હોવાના નામે, વાહન પરિવહનના ફેક મેમો મોકલી અને ડ્રીમ ઇલેવનમાં જીતેલ રકમ ઉપાડવાના નામે લોકો સાથે ગઠીયાઓએ ફ્રોડ કર્યા હતા. સાયબર ક્રાઈમ પોલીસ ફ્રોડમાં ગુમાવેલા નાણા અરજદારોને પરત અપાવ્યા છે. મુંબઈ રહેતા જુહીબેન (ઉ.વ.૨૭) સાથે હોટલ બુકિંગના બહાને ગઠીયાઓએ ક્રેડીટ કાર્ડથી રૂા. ૧.૯૨ લાખ ઉપાડી લીધા હતા. જે રકમ પરત અપાવાઈ હતી. રાજુભાઈ ભંડેરી સાથે બ્લુડાર્ટ કુરિયરના બહાને રૂા. ૧.૨૨ લાખનો ફ્રોડ થયો હતો. જેમાંથી રૂા. ૪૩ હજારની રકમ પરત અપાવાઈ હતી. રાજકોટના એક અરજદારે નાણાકીય ફ્રોડમાં ગુમાવેલ રૂા. ૩૮ હજાર પણ સાયબર ક્રાઇમ પોલીસે પરત અપાવ્યા હતા. જ્યારે શ્યામ પંડ્યાને પોતાના નામથી વિદેશથી પાર્સલ આવ્યું હોવાનું જણાવી ડોક્યુમેન્ટનો દુરૂપયોગ થયેલો હોવાના બહાને ફ્રોડ કોલ કરી, જેમાંથી બચવા રૂા. ૧૧.૨૭ લાખ પડાવી લીધા હતા. જેમાંથી ૪.૯૯ લાખ પોલીસે પરત અપાવ્યા હતાં.

આ ઉપરાંત રાજકોટના કમલેશભાઈ ચૌહાણને વાહન પરિવહનનો ફેક મેમો મોકલી એપીકે ફાઈલ દ્વારા તેના ફોનનો એક્સેસ મેળવી લઈ રૂા. ૧.૪૮ લાખનો ફ્રોડ કરાયો હતો. જેરકમ પરત અપાવાઈ હતી. જ્યારે મુનાફભાઈ લખવા (રહે. રાજકોટ)ને ડ્રીમ ઇલેવનમાં જીતેલી રકમ ઉપાડવાના બહાના હેઠળ રૂા. ૪ લાખનો ગઠીયાઓએ ફ્રોડ કર્યો હતો. જે રકમ પણ સાયબર ક્રાઈમ પોલીસે પરત અપાવી હતી.

પોલીસ કમિશનર બ્રજેશ ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી બી.બી. બસિયાની સૂચના અનુસાર પીઆઇ એમ. એ. ઝનકાત, પીઆઇ કે. જે. મકવાણા, પીઆઇ આર.જી. પઢિયાર, પીએસઆઇ આર.જે.કામળીયા, પીએસઆઇ કે.પી.જાદવ, એએસઆઇ ડી.બી.કકડીયા, એફ.એ.શેખ, પો. કોન્સ. ભાવેશભાઈ શિરોડીયા, ધરતીબેન ગઢીયા, હેડકોન્સ મહેન્દ્રભાઈ કાથડ, કોન્સ. રાજેશભાઇ રંગાણી, કોન્સ.લક્કીરાજસિંહ ગોહિલે આ કામગીરીઓ કરી હતી.

# જેતપુરના ચંપરાજપુર ગામે આવેલ ૧૩૫૦ વારના પ્લોટમાં ત્રણ શખ્સોનો કબ્જો

## જેતપુર તાલુકા પોલીસે લેન્ડગ્રેબિંગ હેઠળ ગુનો નોંધી ડીવાયએસપી આર.એ.ડોડીયા અને ટીમે આરોપીને સકંજામાં લીધાં

રાજકોટ,તા.૦૧

રાજકોટના ખેડૂતની ભાગીદારીમાં જેતપુરના ચંપરાજપુર ગામે આવેલ રૂ.૫૦ લાખનો ૧૩૫૦ વારના પ્લોટમાં પિતા-પુત્ર સહિત ત્રણ શખ્સોએ કબ્જો કરી ત્યાં ઓરડીમાં રહેવાં લાગતાં ખેડૂતે જેતપુર તાલુકા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા ડીવાયએસપી આર.એ.ડોડીયા અને ટીમે લેન્ડગ્રેબિંગ હેઠળ ગુનો નોંધી આરોપીને સકાંજામા લીધો હતો.

બનાવ અંગે મૂળ જેતપુરના અને હાલ રાજકોટમાં ૮૦ ફૂટ રોડ પર સત્યમ પાર્કમાં ઈકવિટી હુંડાઈ શો-રૂમ સામે રહેતાં ભાવેશભાઈ વસંતભાઈ કબીર (ઉ.વ. ૪૭) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે કાળુ રાવત બસીયા, રીતુ કાળુ બસીયા અને મંગળુ નાગ બસીયા (રહે. ત્રણેય ચંપરાજપુર, જેતપુર) નું નામ આપતાં જેતપુર તાલુકા પોલીસે લેન્ડગ્રેબિંગ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, ઢસા પાસે આવેલ રસનાળ સીમ વિસ્તારમાં ૩૫ વીઘા ખેતીની જમીન આવેલ છે. વર્ષ ૧૯૬૪ માં સૌરાષ્ટ્ર ટ્રેડીંગ કંપની તેમના પિતા વસંતભાઇ કબીર તથા અન્ય આઠ ભાગીદારોએ મળી, ચાંપરાજપુર ગામે એક વંડો સૌરાષ્ટ્ર નાના ઉદ્યોગ સહકારી બેન્ક લીમીટેડ પાસેથી ખરીદેલ હતો. જેના સરવે નંબર પ્લોટ નં-૧૦૯, ક્ષેત્રફળ ૧૦૯૯, ચો.મી. વાળી મિલ્કતમાં હિરાલાલ ગોવિંદરામ, પ્રવિણચંદ્ર હિરાલાલ સહિતના આઠ ભાગીદારો હતાં. તે જગ્યાએ તેમના પિતા સહિત આઠેય ભાગીદારોએ સૌરાષ્ટ્ર ટ્રેડીંગ નામથી ઓર્ગેનીક ફર્ટીલાઇઝરનો બીઝનેસ શરૂ કરેલ હતો.

તેમાં રાવતભાઈ રાણીંગભાઇ બસીયા મજુરી કામ કરતા હતાં. બાદમાં વર્ષ ૧૯૭૧ માં કારખાનું બંધ કરી નાખેલ હતું. જેથી યુનીટનું રખોપુ કરવા માટે આ રાવતભાઇ બસીયાને રાખેલ હતાં. તે બાબતનું લખાણ સ્ટેમ્પ પેપટ ઉપર એક કબુલાત નામુ લખી આપેલ હતું. જે બાદ રાવતભાઈ તેમના પરિવાર સાથે કારખાનાની એક ઓરડીમાં રહેતા અને કારખાનાનું રખોપુ રાખતાં હતાં. તેઓએ કરેલ કરાર મુજબ તેઓ લખી બંધાયેલ હોય કે, આ યુનીટમાં જ્યાં સુધી હું રખોલીયા તરીકે કામ કરૂ ત્યાં સુધી મારે કોઇ લાયસન્સ ફી કે, ભાડુ આપવાનું નથી અને તેમાં ભાડુઆત તરીકેનો હક્ક કરવાનો નથી. તેમજ ફરિયાદી કહે ત્યારે કોઇ વાંધો તકરાર કે, અટકાયત કર્યા સિવાય યુનીટ સોંપી દેવાનું રહેશે તેવું લેખિત કબુલાતનામું લખી આપેલ હતું.

બાદમાં રાવતભાઈ મરણ ગયેલ બાદ વર્ષ ૧૯૮૧ આસપાસ તેનો દિકરો કાળુ બસીયા, રીતુ કાળુ બસીયા અને રાવતનો ભત્રીજો મંગળૂ બસીયા તેના પરિવાર સાથે યુનીટના તાળા તોડી તેની અંદર રહેવા લાગેલ હતાં. હાલ સમગ્ર મિલ્કત ઉપર આ લોકોએ ગેરકાયદેસર રીતે કબ્જો કરી લીધેલ અને કોઈ ભાડુ ચુકવેલ નથી. આરોપીને આ યુનીટ ખાલી કરવા માટે અવાર નવાર કહેવા છતાં, ખાલી કરતા ન હોય જેથી લીગલ નોટીસ પણ આપેલ છે, તેમ છતાં પણ મિલ્કત ખાલી ન કરતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી જેતપુર તાલુકા પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

## અનુસંધાન પહેલા પાનાનું

### આજથી નવા કાયદા લાગું: આઈપીસીની જગ્યાએ ભારતીય ન્યાય સંહીતા અમલી

કરવામાં આવી છે. જેથી પોલીસ માટે ગુનો નોંધવાની કામગીરી સમયે સરળતા રહેશે.સાથેસાથે શરૂઆતના તબકકામાં થોડી મુશ્કેલી શકયતાને ધ્યાનમાં રાખીને નવા કાયદાના નિષ્ણાંતોની મદદ મળી તે માટે જિલ્લા અને શહેરો પ્રમાણે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.ઉલ્લેખનીય છે કે, નવા કાયદામાં હત્યા, હત્યાનો પ્રયાસ દુષ્કર્મ, છેતરપીંડી, દેશદ્રોહ, સહીતની કલમમાં ધરખમ ફેરફારો કરવામાં આવ્યા છે.

### દેશની ૮૦ ટકા સરકારી હોસ્પિટલોની હાલત ખરાબ

અને આયુષ્યમાન આરોગ્ય સેન્ટર્સ આવે છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે એનએચએમ અંતર્ગત આવતી ૨ લાખથી વધુ હોસ્પિટલોમાંથી માત્ર ૪૦,૪૫૧ હોસ્પિટલોએ જ પોતાની જાણકારી સરકારને આપી છે.

સરકારે હોસ્પિટલોથી જાણકારી મેળવવા માટે 'ઈન્ડિયન હેલ્થ સ્ટાન્ડર્ડ' (આઈપીએચએસ) નામનું એક ડિઝીટલ ટુલ બનાવ્યું હતું. આ ટુલથી જાણવા મળ્યું કે જાણકારી આપનાર ૪૦૪૫૧ હોસ્પિટલોમાંથી માત્ર ૮૦૮૯ હોસ્પિટલ જ આઈપીએચએસના ધોરણોમાં ખરી ઉતરી હતી. મતલબ કે આ હોસ્પિટલોમાં જ દર્દીઓની સારવાર માટે પાયાની સુવિધાઓ, ડોકટર, નર્સ અને સાધન મોજૂદ હતા.

## અનુસંધાન છેલ્લા પાનાનું

### રાજકોટના આજી-૨ ડેમમાં જળસ્તર જાળવવા એક દરવાજો ૦.૧૫ મીટર ખોલાયો

ગામોના લોકોને નદી વિસ્તારમાં અવરજવર ન કરવા તાકીદ કરવામાં આવી છે.

આ ડેમની હાલની સ્થિતિ ફુલ રિઝર્વિયર લેવલ ૭૩.૭૬ મીટર છે. જ્યારે લેવલ ૭૨.૫ મીટર છે. ઈનફ્લો ૩૪૦ ક્યુસેક તથા આઉટ ફ્લો ૩૩૯ ક્યુસેક છે, તેમ નાયબ કાર્યપાલક ઈજનેર-ક્વોલિટી કંટ્રોલ, સબ ડિવિઝન નંબર-૧, રાજકોટની યાદીમાં જણાવાયું છે.

### ગોંડલ માર્કેટ યાર્ડમાં વર્તમાન સુકાનીઓ રીપીટ

જણાવ્યું કે ખેડુતોની સેવા કરવાનો ફરી એકવાર મોકો મળ્યો છે.આ યાર્ડ ખેડૂતોનું છે.યાર્ડ દ્વારા ખરીદાયેલી ૩૮ વીઘા જમીનને સુવિધાઓ સાથે ડેવલપ કરાઇ છે.ગોંડલનું યાર્ડ કદાચ પહેલુ યાર્ડ હશે.જયાં દશ ઈંચ વરસાદ પડે તો પણ ખેડૂતોની કોઈ પણ જણશીઓ પલળે નહી તેવી વ્યવસ્થા કરાઇ છે.જેટલી શેષ હતી તેમા અઢી ત્રણ કરોડનો વધારો થયો છે.આગામી સમયમાં ૩૫ કરોડ થી વધુ ખર્ચે નવા આધુનિક શેડ ઉભા કરાશે.તેવું જણાવી તેમણે ભાજપ મોવડીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.ચુંટણી વેળા ભાજપ અગ્રણીઓ,સમર્થકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી હતી.

### આરોગ્યમ હોસ્પિટલના સંચાલક તબીબ સાથે રૂ.૬.૪૦ લાખની ઠગાઇની ફરિયાદ

બનેસિંહ વાઘેલા સામે ફરિયાદ કરી હતી. ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેને ૨૦૨૧માં મિરેકલ ડોક્ટર હાઉસમાં આરોગ્યમ હોસ્પિટલ શરૂ કરી હતી અને હોસ્પિટલમાં મેડિકલ સ્ટોર પણ શરૂ કર્યો હતો જેમાં તેને તેના મિત્ર તબીબ ડેનિશ માકડિયાનો પિતરાઇ ભાઇ હાર્દિકને નોકરી પર રાખ્યો હતો.

દરમિયાન તેની પર ભરોસો કરી તેને દવાના બિલોના રૂપિયા ચૂકવવા માટે સાઇન કરીને કોરા ચેક આપતા હોય થોડા દિવસો સંચાલન સારું કરતા હતા અને ત્યાર બાદ તેનું કામ બગડવા લાગેલ અને હિસાબમાં પણ ગોટાળા થવા લાગતા તેને ૨૦૨૪ જાન્યુ.માં નોકરીમાંથી છૂટા કરવામાં આવ્યા હતા. બાદમાં તા.૧-૬ના રોજ તેના મોબાઇલમાં બેંકનો મેસેજ આવ્યો હતો અને તેના મેડિકલના એકાઉન્ટમાંથી રૂ.૬.૪૦ લાખ જયેશસિંહ બનેસિંહના ખાતામાં ટ્રાન્સફર થયા હોય તેને હાલમાં મેડિકલ સંભાળતા જીજ્ઞેશભાઇ અને મિનેશભાઇને વાત કરતા તેને આવા કોઇ ટ્રાન્ઝેક્શન કરાવ્યા નહીં હોવાનું જણાવતા તેને સાયબર પોલીસમાં ઓનલાઇન ફરિયાદ કર્યા બાદ માલવિયા પોલીસ મથકમાં ફરિયાદ કરતાં એએસઆઇ પરમાર સહિતે ગુનો નોંધી આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.

**રાજકોટ મહાનગરપાલિકા**

**આરોગ્ય શાખા-મહાનગરપાલિકા ખાતે**

**તદન હંગામી ધોરણે કરારને આધીન જગ્યાઓ ભરવા અંગે**

રાજકોટ મહાનગરપાલિકા આરોગ્ય શાખા હસ્તક નેશનલ હેલ્થ મિશન અંતર્ગત ૧૫માં નાણાપંચ હેઠળ આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે તદન હંગામી ધોરણે મેડીકલ ઓફિસર(MBBS) અને સ્ટાફ-નર્સ(GNM) ની ભરતી ૧૧ માસ માટે કરાર આધારિત કરવાની છે. આ ભરતી https://arogyasathi.gujarat.gov.in પર ઓનલાઈન પ્રદર્શિત કરેલ છે. ઇચ્છુક ઉમેદવારોને PRAVESH OPTION પર ક્લિક કરી, રજીસ્ટ્રેશન કર્યા બાદ CURRENT OPENINGSમાં જઈ, તા.૦૧/૦૭/૨૦૨૪ થી તા.૦૮/૦૭/૨૦૨૪ સુધીમાં ઓનલાઈન અરજી કરવા જણાવવામાં આવે છે. જાહેરાતની તમામ વિગતો વાંચીને પછી ઓનલાઈન અરજી કરવી અને વધુ વિગત માટે અરજી કરેલ ઉમેદવારોએ ડોક્યુમેન્ટ વેરીફીકેશન/વોક-ઇન ઈન્ટરવ્યું માટેની યાદી https://www.rmc.gov.inપરમુકવામાં આવશે. જે RMCની વેબસાઈટપરસમયાંતરે જોતું રહેવું.

મેમ્બર સેક્રેટરી
અર્બન હેલ્થ સોસાયટી અને
મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ
રાજકોટ મહાનગરપાલિકા

# રાજકોટમાં નોંધાશે વર્લ્ડ રેકોર્ડ

# અરિહંત ઈન્વેસ્ટમેન્ટના નેજા હેઠળ સતત ૧૫ કલાક સુધી નોન-સ્ટોપ મ્યુઝિકલ કાર્યક્રમ યોજાશે



## સુપ્રસિદ્ધ ગાયક મુકેશના ૧૭૦ જેટલા ગીતોને સિંગર અલ્પેશ ડોડીયા સ્વરબદ્ધ કરશે : એન્કર મેહુલ રવાણી દ્વારા છવાશે યાદગાર સંગીતનો સૂરમયી જાદુ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧

'સૌરાષ્ટ્ર ક્રાંતી' ની મુલાકાતે આવેલા મેહુલભાઈ રવાણીએ જણાવ્યું હતું કે, મધુર અવાજ અને પોતાનાં ગીતોમાં દર્દને જીવંત રાખીને જીવવાવાળા ગાયક મુકેશ કુમાર આજે પણ લોકોની યાદોમાં જીવિત છે. જેણે પોતાનાં ગીતોથી ભારતના જ નહીં પરંતુ દેશ-વિદેશના લોકોને દીવાના બનાવ્યા હતા. એક સમય હતો જ્યારે રશિયામાં 'આવારા હૂં' અને 'મેરા જુતા હૈ જાપાની' જેવાં ગીતોનો અર્થ જાણ્યા વગર જ લોકો તેને ગણગણતા હતા. ત્યારે આગામી તા.૩-૭ બુધવારના રોજ રાજકોટના આંગણે મેહુલભાઈ રવાણી સંચાલિત અરિહંત ઈન્વેસ્ટમેન્ટના નેજા હેઠળ એક અનોખો કાર્યક્રમ યોજાવા જઈ રહ્યો છે. જેમાં જાણીતા સિંગર અલ્પેશભાઈ ડોડીયા તથા લાઈવ મ્યુઝિકલ ઓરકેસ્ટ્રા ગ્રુપ દ્વારા સુપ્રસિદ્ધ ગાયક મુકેશના ૧૭૦ ગીતોને સતત ૧૫ કલાક સુધી સ્વરબદ્ધ કરવામાં આવશે. અસંભવ લાગતા આ કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન અરિહંત ઈન્વેસ્ટમેન્ટના ફાઉન્ડર મેહુલભાઈ રવાણી દ્વારા કરવામાં આવ્યું છે અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન પણ તેઓ સતત ૧૫ કલાક સુધી કરવાના છે. સમગ્ર કાર્યક્રમ અંગે વિગતે માહિતી આપતા મેહુલભાઈ રવાણીએ જણાવ્યું હતું કે, જીવનમાં કેટલીક ખુશીઓ દસ્તક દઈને આવે પણ ખુશીઓના વાદળ ઉમટી પડે ત્યારે બારે મેઘ ખાંગા થાય તેમ વરસે છે. મુકેશજીનો અવાજ પણ અનેક દિલોને ઝણઝણાવી જાય તેવો છે. આ એજ અવાજ છે જેને અગણિત લોકોનો બેહિસાબ પ્રેમ મળ્યો છે. ત્યારે અમે અમારા અનોખા અંદાજથી રાજકોટને સંગીતમાં તરબોળ કરવાનો પ્રયાસ કરીશું,.આગામી તા.૩-૭ ના રોજ સવારે ૯ થી રાત્રીના ૧૨ વાગ્યા સુધી શહેરના હેમુગઢવી હોલ મેઈન ઓડિટોરિયમ ખાતે નોન-સ્ટોપ સતત ૧૫ કલાક સુધી મ્યુઝિકલ કાર્યક્રમ યોજાશે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સમગ્ર કાર્યક્રમના કલાકારોની વાત કરું તો છેલ્લા દસ વર્ષથી ગુજરાતના દરેક શહેરમા પોતાના બસ્સોપચાસથી (૨૫૦) વધુ શો દ્વારા પ્રેક્ષકોને મુકેશજીના કર્ણપ્રિય ગીતો રજૂ કરનાર અને મુકેશજીના છસ્સો (૬૦૦) થી વધુ ગીતો જેમને કંઠસ્થ છે એવા અલ્પેશભાઈ ડોડિયા આ કાર્યક્રમમાં મુકેશજીના કંઠે ગીતો રજૂ કરશે જયારે મ્યુઝિકલ મેલોઝ રાજેન્દ્ર ત્રિવેદી દ્વારા સંગીત નિર્દેશક કરવામાં આવશે. આ ઉપરાંત સહ-ગાયિકાઓની વાત કરીએ તો રીટા ડોડિયા, કાજલ કથરેચા, રીના ગજ્જર, રૂપાલી જાંબુચા, દેવયાની ગોહેલ (ચક્રવર્તી), દીપા ચાવડા, હીના કોટડિયા અને સાજીંદાઓની વાત કરીએ તો ઈમ્તિયાઝખાન સૈયદ (કીબોર્ડ), ભાર્ગવ ઉમરાણીયા (રિધમિસ્ટ), જીતામી વ્યાસ (ગિટાર), પારસ વાઘેલા (રિધમિસ્ટ), ભરત ગોહેલ (રિધમિસ્ટ), ફિરોઝ જી. શેખ (રિધમિસ્ટ), દિલીપ ત્રિવેદી (રિધમિસ્ટ), સંદીપ ત્રિવેદી (પર્ક્યુસન), પ્રથમ વાઘેલા (પર્ક્યુસન) સહિતના સાજિંદાઓ સાથે સંગીતમય સફરમાં સૂરતાલની તાલાવેલી સર્જાશે. જ્યારે પ્રાયોજક ભાવેશ પિત્રોડા અને તાજ સાઉન્ડના હબીબ ઘાડા દ્વારા કાર્યક્રમને કર્ણપ્રિય બનાવવામાં આવશે.

આ મ્યુઝિકલ કાર્યક્રમની નોંધ ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સમાં લેવામાં આવશે. અને સંસ્થા દ્વારા લોંગેસ્ટ નોન-સ્ટોપ સિંગિંગ રીલે ઓફ લેટ મુકેશ નામે એવોર્ડ નોંધવામાં આવશે અને આ વર્લ્ડ રેકોર્ડમાં સિંગિંગ માટે તમામ સિંગર્સને અને એન્કરિંગ માટે મેહુલભાઈ રવાણીને, ટ્રોફી, શિલ્ડ અને પ્રમાણપત્ર પ્રદાન કરવામાં આવશે. સાથે સાથે જૈન સોશ્યલ ગૃપ - રાજકોટ (વેસ્ટ) દ્વારા અલ્પેશભાઈ ડોડીયાને સન્માનિત કરવામાં આવશે.

આ તકે સિંગર અલ્પેશભાઈ ડોડીયાએ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ ટીમ વર્કથી જ સંપન્ન થશે. અમારી સાથે આખી ટિમ છેલ્લા ૬ મહિનાથી મહેનત કરી રહી છે. જે આગામી તા.૩ જુલાઈના રોજ સંપન્ન થશે. જેમાં અમને રાજકોટના સ્વર કાર તથા સંગીત નિર્દેશક લલિતભાઈ ત્રિવેદીનું માર્ગદર્શન સાંપડ્યું હતું. સાથે સાથે રાજકોટના અગ્રણી ઉદ્યોગપતિઓ રોયલ સ્ટીલ ફેબ્રીકેશનના ભાવેશભાઈ પિત્રોડા અને પ્રવીણભાઈ પિત્રોડા, પરીનભાઈ પારેખ, હાર્દિકભાઈ પારેખ, અંબિકા સ્ટીલ લેટર પંચના હરેશભાઈ પરમાર, રાજેશભાઈ પરમાર, તિલકભાઈ પરમાર, જે.પી. જવેલર્સ, રણછોડનગર ભરતભાઈ પટોડીયા, પીઠવા મેન્યુફેક્ચરર્સના મિતેશભાઈ પીઠવા, રાજકોટની નામાંકિત સંસ્થાઓ લુહાર હિતેચ્છુ મંડળ, લુહાર સેવા સમાજ, લુહાર વિદ્યાર્થી, મચ્છુકઠીયા લુહાર જ્ઞાતી, શ્રી વિશ્વકર્મા લુહાર ફાઉન્ડેશન, અમૃત ચેરીટેબલ ટ્રસ્ટ, વિશ્વકર્મા મહિલા મંડળ, શ્રી જૈન સોશ્યલ ગૃપ-રાજકોટ (વેસ્ટ), એચ એમ જૈન મેટ્રીમોનીયલ ગ્રુપ હર્ષદભાઈ મહેતા પરમાર પરિવાર, પીઠવા પરિવાર, શ્રી સિધ્ધપુરા પરિવાર અને મકવાણા પરિવારનો સહયોગ સાંપડ્યો છે.

આ તકે સર્વે રાજકોટવાસીઓને સવારે ૯-૩૦ કલાક થી આ શ્રેષ્ઠ મ્યુઝિકલ કાર્યક્રમમાં ઉમટી પડવા અરિહંત ઈન્વેસ્ટમેન્ટ તથા અલ્પેશ ડોડીયા દ્વારા હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું હતું.

# અમરેલી જિલ્લામાં એક મહિના સુધી વ્યાજખોરો સામે ઝૂંબેશ

## જિલ્લાની ૧૯ બેંકોના પ્રતિનિધિઓ દ્વારા લોન આપવાની કાર્યવાહી થશે

## આઈ.જી.ના હસ્તે કાર્યક્રમનો આરંભ : લોકોને સસ્તા દરે લોન પણ અપાશે





(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી,તા.૧

અમરેલી ખાતે રેન્જ આઈ.જી. ગૌતમ પરમારની ઉપસ્થિતિમાં જિલ્લા પોલીસ દ્વારા વ્યાજખોરો સામેની ખાસ ઝુંબેશનો આરંભ કરવામાં આવ્યો છે. અમરેલી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં આઈજીએ જણાવ્યું કે, સરકારે દોઢ વર્ષ પહેલા આ પ્રશ્ન હાથમાં લીધો. ત્યારે વ્યાજખોર વ્યક્તિઓ ઉપર કડકાઈથી પગલા લેવાનું નક્કી કર્યું એટલું જ નહીં પણ જરૂરિયાતમંદ લોકોને બેંક દ્વારા સસ્તા વ્યાજથી લોન મળી રહે તે માટેની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

અમરેલી જિલ્લાની ૧૯ બેંકના પ્રતિનિધિઓ અહી આવ્યા હતા. જેઓ બેંક દ્વારા લોન આપવાની પ્રક્રિયા હાથ ધરશે. અમરેલી જિલ્લામાં પોલીસ દ્વારા એક મહિના સુધી આ ઝુંબેશ ચલાવવામાં આવશે અને વ્યાજખોરો સામે ફરિયાદો પણ નોંધવામાં આવશે લોકો દ્વારા લાભ લેવા માટે તેમણે અપીલ કરી હતી. અમરેલીના એસ.પી હિમકર સિંહે જણાવ્યું કે, આ રીતે એક વર્ષ પહેલા પણ પોલીસ દ્વારા વ્યાજખોરો સામે ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી હતી ઝુંબેશમાં ૬૦૦ ગામડાઓમાં એક લાખ જેટલી પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. અને લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. ૧૦૦૦ થી પણ વધારે બેનર લગાડવામાં આવ્યા હતા. અગાઉની ડ્રાઈવમાં ૧૫ જેટલા ગુના દાખલ કરવામાં આવ્યા હતા. ૨૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. તે ડ્રાઈવ સિવાય પણ સને ૨૦૨૩માં અન્ય પંદર જેટલા ગુનાઓ પણ દાખલ કરાયા હતા.

વ્યાજખોરો સામે ખાસ ઝુંબેશ ચાલુ કરવામાં આવી છે અને એક મહિના સુધી આ ઝુંબેશ ચલાવીને વ્યાજખોરો સામે ફરિયાદો નોંધવામાં આવશે. આ ઉપરાંત જરૂરિયાત મુજબ લોકોને જુદી જુદી ૧૯ બેંકો દ્વારા રાહત દરેથી લોન મળી રહે તે માટેની પણ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

# શિવમ મેડીકલ ગ્રુપ કાર્યરતઃ ૨૪ કલાક ખુલ્લુ રહેશે



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧

તા.૩૦ ને રવિવારે રાજકોટ શહેર જાહેર જનતાના સેવાર્થે સતત ૨૦ વર્ષથી ૨૪ કલાક કાર્યરત શિવમ મેડિકલ ગ્રુપ (ઈન્દિરા સર્કલ) સંસ્થા જેનું નવું સોપાન અંબિકા ટાઉનશિપમાં ઉદ્ઘાટન બપોરે ૧૨ કલાકે રાખવામાં આવ્યું હતું. આ તકે દર્દીઓને રાહતદરે દવા આપવામાં આવી હતી. તેમજ આ મેડિકલ સ્ટોર પરથી એલોપેથીક દવાઓ આયુર્વેદિક દવાઓ તેમજ ઈમ્પોર્ટેડ કોસ્મેટિક આઈટમ રાહતદરે મળશે. અમારી આ સંસ્થા લોકોના કલ્યાણાર્થે ૨૪ કલાક ખુલ્લી રહેશે. તેમ અશ્વિન ભૂવા (શિવમ ગ્રુપ) અને ડો.ચેતન હાસલિયાએ જણાવ્યું છે.

# ઓલપાડની કરમલા પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રા મહોત્સવ યોજાયો

(વિજય પટેલ દ્વારા)

ઓલપાડ,તા.૧

ગુજરાતનાં શિક્ષણ વિભાગ પ્રેરિત શાળા પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી રથયાત્રા મહોત્સવની ઉજવણી ઓલપાડનાં પાણી પુરવઠા વિભાગનાં ડેપ્યુટી એક્ઝિક્યુટીવ એન્જિનિયર સંકેત પટેલનાં અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા ભાજપ ઉપપ્રમુખ ભક્તિબેન ગોરાણી, સરપંચ હેમલતાબેન ગોરાણી, ગ્રામ પંચાયત સભ્યો, તલાટી કમ મંત્રી, શાળા વ્યવસ્થાપન સમિતિનાં સભ્યો તથા મોટી સંખ્યામાં વાલીજનો ઉપસ્થિત રહ્યા હતાં. શાળાનાં મુખ્યશિક્ષક નિલેશભાઈ પટેલે સૌને શાબ્દિક આવકાર આપ્યો હતો.



કાર્યક્રમની ઉજવણીનાં ભાગરૂપે બાલવાટિકા તથા ધોરણ ૧ માં પ્રવેશપાત્ર ભૂલકાઓને ઉપસ્થિત મહાનુભવોનાં હસ્તે શાળામાં વિધિવત પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ સાથે શાળામાં કોમ્પ્યુટર લેબ, જ્ઞાનકુંજ પ્રોજેક્ટ, જિલ્લા પંચાયત સભ્ય અશોકભાઈ રાઠોડની ગ્રાન્ટમાંથી ૫ લાખનાં ખર્ચે તૈયાર થયેલ સેનીટેશનનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. અત્રે યોજાયેલ સાહિત્ય પ્રદર્શનને નિહાળી સૌએ સંતોષ વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન બાળકો દ્વારા કરવામાં આવ્યું હતું.

સદર કાર્યક્રમમાં વસ્તુ સ્વરૂપે અંદાજીત કિંમત રૂ.૨૫,૦૦૦ નું માતબર દાન પ્રાપ્ત થયું હતું. ઉપરાંત દાતા મનિષભાઈ ચૌહાણ તરફથી કબાટ સહિત બાલવાટિકા, ધોરણ ૧ અને ધોરણ ૨ નાં તમામ બાળકો માટે શૈક્ષણિક કીટ દાન સ્વરૂપે મળી હતી. નિવૃત્ત આચાર્ય મહેશભાઈ પટેલ તરફથી ગત વાર્ષિક પરીક્ષામાં પ્રથમ ક્રમે ઉત્તિર્ણ થયેલ બાળકોનાં પ્રોત્સાહક ઈનામ માટે રૂ.૪૦૦૦, ઉમેશભાઈ અને પિયુષભાઈ તરફથી નોટબૂક માટે રૂ.૫૦૦૦ જ્યારે ગામનાં સરપંચ હેમલતાબેન ગોરાણી તરફથી તિથિ ભોજન માટે રૂ.૩૦૦૦ દાનપેટે મળ્યા હતાં. અંતમાં શાળાનાં ઉપશિક્ષક ગિરીશભાઈ ચૌહાણે શાળા પરિવાર વતી સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

# સર્વોદય સ્કૂલના ભરત ગાજીપરા દ્વારા ઢોલરા ગામે ચેકડેમનો જીર્ણોધાર



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧

ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૧૮૦ થી વધુ ચેકડેમ રિપેરિંગ, ઊંડા અને ઊંચા કરવા તેમજ નવા બનાવેલ છે. જેનાથી વરસાદી પાણી વિશાળ જથ્થામાં રોકયેલ છે. તેમજ આર્થિક દ્રષ્ટીએ જોઈએ તો ખેડૂતોને ખુબજ આર્થિક મોટો ફાયદો થવાથી પશુ પક્ષી અને જીવજંતુને સર્વેની રક્ષા થઈ રહી છે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૧૧,૧૧૧ ચેકડેમો તૈયાર કરવાનો તેમજ બોર રીચાર્જ કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે.

રાજકોટની બાજુમાં ઢોલરા ગામે સર્વોદય એજ્યુકેશનલ નેટવર્ક સંકૂલના સંસ્થાપક ભરતભાઈ ગાજીપરા દ્વારા ચેકડેમનો જીર્ણોધાર કરેલ તેથી વરસાદી મીઠા પાણીના તળ ખુબજ ઉંચા આવશે જેનાથી લોકોના આરોગ્યમાં સુધારો થાશે અને ખેતીમાં ઉત્પાદનમાં વધારો થવાથી ખેડૂતોની અને દેશમાં આર્થિક સધરતામાં વધારો થાશે તેમજ પર્યાવરણ સાથે પ્રકૃતિની રક્ષા થવાથી દરેક જીવજંતુ અને પશુ-પક્ષી સાથે સમગ્ર જીવ સૃષ્ટીની રક્ષા થાશે.

આ કાર્યક્રમમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખિયા. પ્રકૃતિ પ્રેમી દિનેશભાઈ પટેલ, રમેશભાઈ જેતાણી, અશોકભાઈ મોલિયા, રતિભાઈ ઠુમ્મર, વિઠ્ઠલભાઈ બાલધા, પરેશભાઈ કાછડીયા, ભરતભાઈ ભુવા, જમનભાઈ પટેલ, પ્રતાપભાઈ પટેલ - ટર્બો બેરીગ, વિરાભાઈ હુંબલ, પરેશભાઈ જોશી, મનીષભાઈ માયાણી,, વસંતભાઈ લીંબાસીયા, રમેશભાઈ ઠક્કર, કિશોરભાઈ કાથરોટિયા, કાન્તીભાઈ ભૂત, પ્રકાશભાઈ કનેરિયા, સતીશભાઈ બેરાએ જહેમત ઉઠાવેલ. તેમ જણાવ્યું છે.

# સરગમ કલબ સંચાલિત રામનાથપરા મુક્તિધામમાં ૨૫૦૦ અસ્થિનું પૂજન કરાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧

રાજકોટ મહાનગરપાલિકા નિર્મિત સરગમ કલબ સંચાલિત શહેરના મધ્યમાં રામનાથપરા મુક્તિધામમાં જાન્યુઆરી-૨૦૨૪ થી જૂન-૨૦૨૪ સુધીમાં ૨૫૦૦ લોકોને અગ્નિદાહ અપાયા હતા. શહેરના રામનાથપરા મુક્તિધામમાં જાન્યુઆરીથી જૂન સુધીમાં ૨૫૦૦ લોકોને અગ્નિદાહ આપ્યો હતો. તેમનો અસ્થી પૂજનનો કાર્યક્રમ તા.૭/૭ ને રવિવારે સવારે ૮:૩૦ થી ૧૦:૩૦ વાગ્યા સુધી બ્રાહ્મણોએ શાસ્ત્ર વિધિ મુજબ યોજાશે મૃતકોના તમામ સ્વજનોને સરગમ કલબ દ્વારા વ્યક્તિગત પત્ર લખી જાણ કરવામાં આવેલ છે. રવિવારે અસ્થી પૂજનની વિધી માટે પરિવારના સદસ્યોએ રામનાથપરા મુક્તિધામમાં આવું. સરગમ કલબ આગામી તારીખ ૧૧/૦૭/૨૦૨૪ મી ગુરૂવાર એ આ તમામ અસ્થિઓનું વિસર્જન હરિદ્વાર મૂકામે સવારે ૭ કલાકે હરકિ પેઢી ઉપર થશે. દરેક મૃતક વ્યક્તિનું નામ બોલી બોલીને અસ્થિઓનું હરિદ્વારમાં વિસર્જન કરાશે.

ગુણવંતભાઈ ડેલાવાળાએ જણાવ્યું હતું કે, સરગમ કલબના દરેક હોદેદાર સ્વખર્ચે અસ્થિનું વિસર્જન કરવા હરિદ્વાર જશે. જે પરિવારના વ્યકિતનાં અવસાન થઇ ગયેલ છે. તેમના પરિવારને કૂરિયર મારફત લેટર મોકલી આપેલ છે. જે પરિવારને અસ્થિ જુદા રાખવા હોય તેમને તા.૬/૭ સુધીમાં રામનાથપરા મુક્તિધામ ની ઓફિસમાં જાણ કરવા વિનંતિ. જો આપ જાણ નહિ કરોતો તો અમે તમામ ના અસ્થી હરદ્વાર મૂકામે અમો અસ્થિ વિસર્જન માટે સાથે લઇ જશું. કોઈપણ વ્યક્તિને આનાં માટે પૂછપરછ કરવી હોય તો ફોન નંબર : ૨૨૨૧૯૫૦ / ૨૨૩૭૯૦૦ તેના ઉપર સંપર્ક કરવો.

સમગ્ર અસ્થી પૂજનની વ્યવસ્થા સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાનાં માર્ગદર્શન નીચે અને મુક્તીધામના ઈન્ચાર્જ રમેશભાઈ અકબરી સાથે મનસુખભાઈ ધંધુકિયા, અને બંને કલબના તમામ કમિટી મેમ્બર વ્યવસ્થા સંભાળશે.

# વી.વી.પી.માં ટ્રસ્ટી તરીકે GTU ના પૂર્વ કુલપતિ ડો. નવીનભાઈ શેઠની નિયુકતી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧

વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજ, ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કીટેકચર કોલેજ તથા કીચ સ્કૂલ ઓફ ઈન્ટિરિયર ડિઝાઇનમાં ટ્રસ્ટી તરીકે **GTU** માં બે ટર્મ કુલપતિ રહી ચૂકેલા ડો. નવીનભાઈ શેઠની નિયુકતી કરવામાં આવી છે.



ડો.નવીનભાઈ શેઠે એમ ફાર્મ, **pH D, LL.B., PG DBM,** સુધીનો અભ્યાસ કરેલ છે. તેઓ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી. (જીટીયુ)ના બે ટર્મ સુધી રહ્યા, રાજકોટની બી.કે.મોદી સરકારી ફાર્મસી કોલેજમાં પ્રિન્સિપાલ રહી ચુક્યા છે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ફાર્મસી ડિપાર્ટમેન્ટના વડા અને ડીન તરીકે કામ કરેલું છે.

તેમના નામે ત્રણ પેટન્ટ ગ્રાન્ટ થયેલ છે. રિસોર્સ પર્સન તરીકે જર્મની અમેરિકા, ચીન, પોલેન્ડ, આફ્રિકા,ઈરાન નેપાળ વગેરે દેશોની યુનિવર્સિટીઓમાં પ્રવચન આપેલ છે. જુદા જુદા ૧૦૦ થી વધુ સંશોધન પત્રો પ્રસિદ્ધ જર્નલોમાં પ્રસિદ્ધ થયા છે.કેન્દ્ર સરકાર દ્વારા યુ જી સી., એઆઈસીટીઈ, ગુજરાત વિદ્યાપીઠ વગેરેમાં અનેક કમિટીઓના સભ્ય તરીકે ફરજ બજાવે છે.

નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી **(NFSU)**માં તેઓને **C Emeritus** પ્રોફેસર તરીકેનું બહુમાન મળેલું છે. તેઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએથી અનેક એવોર્ડ મળેલા છે. હાલ તેઓ એનબીએ **(NBA)** અને નેક **(NAAC)** તેમજ **UGC** ની વિવિધ કમિટીઓમાં ચેર પર્સન અને મેમ્બર તરીકે સેવા આપે છે. તેમજ સમગ્ર ગુજરાતની એકમાત્ર એઈમસ **(AIIMS)** રાજકોટના તેઓ બોર્ડના મેમ્બર છે. અને ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન જીપીએસસી ના કમિશનના સભ્ય તરીકે પણ સેવાઓ આપી છે.

વી વી પી ના ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુક્લ, હર્ષલભાઈ મણીયાર, ડો સંજીવભાઈ ઓઝા અને ડો નરેન્દ્રભાઈ દવે સાથે હવે ડો. નવીનભાઈ શેઠની ટ્રસ્ટી તરીકે નિમણુંક થતા શિક્ષણ ક્ષેત્રે તેમના બહોળા અનુભવનો વી. વી પી. અને સમગ્ર રાજકોટ તથા સૌરાષ્ટ્રને લાભ મળશે તથા ભારતની બેસ્ટ એન્જીનીયરીંગ કોલેજના એવોર્ડથી સન્માનિત વીવીપી નિત નવા શિખરો સર કરશે તેમાં બે મત નથી. ડો. નવીનભાઈ શેઠની વીવીપીમાં ટ્રસ્ટી તરીકે નિમણુંકને સમગ્ર વીવીપી પરિવારે આંનંદ અને હર્ષની લાગણીથી વધાવી હતી.

# મહેન્દ્રકુમાર (મનુભાઈ) ગોવિંદજી રાયચુરાનું અંગદાન કરાયું






(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧

મહેન્દ્રકુમાર (મનુભાઈ) ગોવિંદજી રાયચુરા (ઉ.વ ૭૬) એન એમ વીરાણી વોકાર્ડ હોસ્પિટલ દાખલ કર્યા હતા ત્યારબાદ ડોક્ટરોની ટીમે બ્રેન ડેડ જાહેર કર્યા હતા જેથી તેમના પરિવારની ઈચ્છા અનુસાર અને ભાવનાબેન મંડલિ, ડો.દિવ્યેશભાઈ વિરોજા અને મિત્તલભાઈ ખેતાણીના સંકલનથી રાજકોટની વોકાર્ડ હોસ્પિટલ ખાતે કિડની, લીવર, ત્વચા તથા ૨ ચક્ષુ દાન કરવામાં આવ્યું છે. ડો. વિકાસ જૈન, ડો. કેતન ચુડાસમા, ડો. કાન્ત જોગણી, ડો. ભૂમિ દવે, ડો. ચિરાગ માત્રાવાડિયા, ડો. વિવેક ઠકરાર, ડો. પાયલ ભદાણી, ડો. મનીષ રાગાણી, ડો. વિશાલ ભાલોડી, ડો. માધુરી ચાવડા, ડો. હર્ષિલ ભટ્ટ સહિત હોસ્પિટલનાં તમામ મેડિકલ સ્ટાફ તથા નર્સિંગ સ્ટાફ પણ એટલી જ લાગણી સાથે ભાવુક બની સેવા કાર્યમાં ખડે પગે રહ્યા હતા. ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન રાજકોટના સહયોગ થી આ ૧૧૪મું અંગદાન છે.

# રઘુવંશી સોશ્યલ ગ્રુપ જામનગર દ્વારા લોહાણા જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓનો ૩૩ મો સન્માન સમારોહ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧

શ્રી રઘુવંશી સોશ્યલ ગ્રુપ દ્વારા જામનગર શહેરના લોહાણા સમાજના એલ. કે. જી. થી સ્નાતક / અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજવામાં આવનાર હોય. એલ. કે. જી. થી ધો.૮ સુધીના જે વિદ્યાર્થીઓને ૮૦ % અથવા **A** ગ્રેડ મેળવ્યો હોય. ધો. ૯ થી ધો.૧૨ સુધીમાં જે વિદ્યાર્થીઓને ૭૫ % અને કોલેજ માં ૬૦ % માર્કસ મેળવ્યા હોય તેઓએ જણાવેલ સ્થળ ઉપરથી ફોર્મ મેળવી તા.૩૧/૦૭/૨૦૨૪ સુધીમાં તે જ સ્થળોએ પરત કરવા સંસ્થા નાં પ્રમુખ યોગેશ વિઠલાણી ની યાદી માં જણાવવા માં આવ્યું છે.

(૧) મનોહર એમ્પોરીયમ, પટેલ કોલોની શેરી નં ૧, રોડ નં. ૧ (૨) ધન્વન્તરિ મેડિકલ સ્ટોર, હવાઈ ચોક (૩) રણછોડદાસ ગોકળદાસ, આણંદાબાવા આશ્રમ પાસે, લીમડા લાઈન (૪) શ્રીજી એન્ટર પ્રાઈઝ, જે - ૮ જૂનો હુડકો, રણજીત નગર (૫) ધોકાઇ કલાસિસ, એમ્યુઝમેંટ પાર્ક સામે (૬) સદગુરૂ પ્રોવિઝન સ્ટોર, આઇ સી આઈ સી બેંકની બાજુમાં, ત્રીમંદિર પાસે, લાલવાડી મેઈન રોડ, જામનગર.

**વાચકોએ નોંધ લેવી**

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી

# અંકલેશ્વરનાં ગોયાબજાર શાળા સંકુલ ખાતે શાળા પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી મહોત્સવ યોજાયો

(વિજય પટેલ દ્વારા)

ગુજરાત સરકારનાં શિક્ષણ વિભાગ પ્રેરિત કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કન્યાશાળા બ્રાન્ચ નંબર ૧, અંકલેશ્વર તથા મુખ્ય શાળા નંબર ૧, અંકલેશ્વરનાં સંયુક્ત ઉપક્રમે પ્રાંત અધિકારી ભવદીપસિંહ જાડેજાનાં અધ્યક્ષસ્થાને યોજાયેલ સમારંભમાં નગરપાલિકા અંકલેશ્વરનાં પ્રમુખ લલિતાબેન રાજપુરોહિત, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં અધ્યક્ષ ગણેશ અગ્રવાલ, ઉપાધ્યક્ષ રમણભાઈ પટેલ, શિક્ષણ સમિતિનાં સભ્યો, દાતાઓ તથા નિવૃત્ત શિક્ષકોની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓને કુમકુમ તિલક તથા સ્કૂલબેગ કીટ સાથે શાળામાં આવકાર આપવામાં આવ્યો હતો.



શાળાનાં મુખ્યશિક્ષક ગજેન્દ્રભાઈ પટેલે વિદ્યાર્થીઓનાં સર્વાંગી વિકાસ માટે જરૂરી સુવિધાઓ પ્રદાન કરવા બદલ ઔદ્યોગિક ગૃહો એનજીઓ તથા દાતાઓનો આભાર વ્યક્ત કરી સૌનું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમનાં પ્રમુખસ્થાનેથી પ્રદીપસિંહ જાડેજાએ શાળાની ભૌતિક સુવિધાઓ ઊભી કરવા બદલ શિક્ષક પરિવારને અભિનંદન પાઠવી ઔદ્યોગિક ગૃહોની સામાજિક ઉત્તરદાયિત્વની પહેલને બિરદાવી હતી. આ પ્રસંગે દાતા અરૂણકુમાર ગાંધી તથા વિનોદકુમાર ગાંધી દ્વારા વિદ્યાર્થીઓને તિથિ ભોજન આપવામાં આવ્યું હતું. શાળાનાં નિવૃત્ત મુખ્યશિક્ષિકા ભારતીબેન ગાંધી દ્વારા વિદ્યાર્થીઓને ગણવેશની ભેટ આપવામાં આવી હતી. અંતમાં આભારદર્શન મુખ્ય શાળા નંબર ૧ નાં મુખ્યશિક્ષિકા રેખાબેન વસાવાએ કર્યું હતું.

# વરસાદી પાણીના નિકાલ માટે કામગીરીનું મોનિટરિંગ કરતાં મ્યુ.કમિશનર



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૧


તા.૨૯/૬ ના રોજ બપોર પછી વરસાદ શરૂ થયો હતો. મહાનગરપાલિકાના કમિશનર દેવાંગ દેસાઈ ખુદ ચાલુ વરસાદ દરમિયાન શહેરમાં વિવિધ વિસ્તારોમાં મહાનગરપાલિકા દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે થઇ રહેલી કામગીરીનું સતત મોનિટરિંગ કરી આવશ્યકતા અનુસાર સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ પણ આપી હતી. આ ઉપરાંત નાયબ કમિશનરઓ સ્વપિનલ ખરે અને ચેતન નંદાણી તેમજ જે તે ઝોનના સિટી એન્જિનિયરઓ પણ સતત ફિલ્ડમાં રહ્યા હતા અને પરિસ્થિતિ પર નજર રાખી હતી.

મ્યુનિ. કમિશનર દેવાંગ દેસાઈએ આજે ૧૫૦ ફૂટ રિંગ રોડ પર ઉમિયા ચોક સહિતના વિસ્તારોમાં રૂબરૂ મુલાકાત લઈને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. આ ઉપરાંત તેમને નાનામવા ચોક ખાતે સ્થિત ICCC (ઇન્ટીગ્રેટેડ કમાંડ એન્ડ કંટ્રોલ સેન્ટર) ખાતે બેસી CCTV કેમેરાના માધ્યમથી શહેરના વિવિધ વિસ્તારોની પરિસ્થિતિ ઉપર પણ ચાંપતી નજર રાખી હતી. શહેરમાં રેડ અને યલ્લો ઝોન હેઠળના વિસ્તારોમાં જો વરસાદી પાણી ભરાયાનું જાણમાં આવે તો નાગરિકોની ફરિયાદ આવે તેની વાટ જોયા વગર તુર્ત જ પાણીના નિકાલ માટેની કામગીરી આગળ ધપાવવા કમિશનરએ સંબંધિત તમામ એન્જિનિયરઓને ખાસ સૂચના આપી હતી.

આ ઉપરાંત ચાલુ વરસાદ દરમિયાન તેમજ વરસાદ બંધ થાય ત્યારબાદ પણ વરસાદી પાણીના નિકાલ માટે હાથ ધરવાની થતી કામગીરી ઝડપભેર થાય તે સુનિશ્ચિત કરવા મ્યુનિ. કમિશનરએ આપેલા આદેશ મુજબ જ ચાલુ વરસાદ દરમ્યાન તેમજ વરસાદ બંધ થયા બાદ પણ શહેરનાં જુદાજુદા વિસ્તારોમાં સ્ટોર્મ વોટરના નિકાલ માટેની જાળીઓમાં પાણીનો પ્રવાહ અવરોધાય નહીં તે મુજબ કામગીરી કરવામાં આવી હતી.

આજે ચાલુ વરસાદ દરમ્યાન નાયબ કમિશનરઓ સ્વપિનલ ખરે અને ચેતન નંદાણી, સિટી એન્જિનિયરઓ વગેરે અધિકારીઓએ વિવિધ વિસ્તારોમાં જઈને વરસાદી પાણીના નિકાલની કામગીરીનું મોનિટરિંગ કર્યું હતું.

વિશેષમાં મ્યુનિ. કમિશનર દેવાંગ દેસાઈએ આજે નાનામવા ચોક ખાતે સ્થિત ICCC (ઇન્ટીગ્રેટેડ કમાંડ એન્ડ કંટ્રોલ સેન્ટર) ખાતેની મુલાકાત દરમિયાન CCTV



કેમેરાના માધ્યમથી શહેરના જુદાજુદા એરિયામાં વરસાદ દરમિયાન અને વરસાદ બંધ થયા પછીની પરિસ્થિતિ કેવી છે અને જે તે સ્થળે કેવી કામગીરી કરવાની આવશ્યકતા છે તેનું સતત નિરીક્ષણ કરતા રહેવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. તેમજ આ કંટ્રોલ ખાતેથી ઉપલબ્ધ થતી આ પ્રકારની માહિતી સત્વરે જે તે વોર્ડના ડેપ્યુટી એન્જિનિયરને પહોંચાડી જે તે સ્થળ ખાતે હાથ ધરવાની થતી કામગીરી વિના વિલંબે થાય તે સુનિશ્ચિત કરવા તથા શહેરના રેડ અને યલ્લો ઝોન હેઠળના વિસ્તારોની પરિસ્થિતિ પર ખાસ નજર રાખવા ડેપ્યુટી એન્જિનિયરને કમિશનરએ ખાસ સૂચના આપી હતી.

## મોટી પાનેલીમાં ધોધમાર ચાર ઈંચ, ડેમમાં ત્રણ ફૂટ પાણીની આવક





**(અતુલ ચગ દ્વારા)**

પાનેલી મોટી,તા.૧

ઉપલેટા તાલુકાના મોટી પાનેલીમાં મેઘરાજા મન મૂકીને વરસી પડતા ધરતીપુત્રોએ રાહતનો દમ લીધો રાત્રીના ચાર કલાકે મેઘરાજા ધીમી ગતીએ દસ્તક દીધી હતી જે અડધો કલાક બાદ જોરદાર વરસાદ પડતા સવારે છ વાગ્યાં સુધી અવિરત વરસ્યો હતો બાદ થોડો ધીમો પડતા આ લખાઈ છે ત્યાં સુધી ધીમીધારે વરસાદ સતત ચાલુ છે ચાર ઇંચ વરસાદ પડી જતા ખેડૂતો ખુશખુશાલ બન્યા છે ગામ લોકો એ પણ પૂરતો વરસાદ પડતા રાહતનો સાંસ લીધો છે ઠેકઠેકાણે પાણી ભરાયા હતા ક્યાંક ક્યાંક ગોઠણ ડૂબ પાણી ભરાતા લોકોને પરેશાનીનો સામનો પણ કરવો પડ્યો છે.

પાનેલી ઉપરાંત માંડાસણ સાતવડી બુટાવદર બગધારા ખારચીયા વલાસણ હરિયાસણ ઝાર સીદસર ગામોમાં પણ સારો એવો વરસાદ પડતા ફુલઝર ડેમમાં નવા નીરની આવક થતા ત્રણ ફૂટ જેટલું પાણી આવ્યું છે સાથેજ સૂકીભટ્ટ નદીઓ વેણુ નદી ફુલઝર નદીમાં પણ પાણી ની આવકથતા લોકો જોવા ઉમટી પડ્યા છે.

## મીઠાપુરમાં વરસાદ



**(દિવ્યેશ જટણીયા દ્વારા)**

મીઠાપુર,તા.૧

હાલ ચોમાસાની શરૂઆત સમગ્ર રાજ્યમાં થઇ ચૂકી છે ત્યારે મીઠાપુર અને સુરજકરાડી વિસ્તારમાં પણ ગત તારીખ ૩૦ થી વરસાદની શરૂઆત થઈ ગઈ છે. ગઈ કાલે ધીમો ધીમો વરસાદ પડ્યા બાદ આજ રોજ વ્હેલી સવારથી જ મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે. વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે અને રોડ રસ્તાઓ પર પાણી ફરી વળ્યા છે.

## રાજુલા સહિત પંથકમાં સાડાચાર ઈંચ વરસાદ

**(મિલાપ રૂપારેલ દ્વારા)**

અમરેલી,તા.૧

અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાંક દિવસોથી મેઘાવી માહોલ જામેલ હોય, અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન અમરેલી, વડીયા, લાઠી, સાવરકુંડલા, બાબરા, ખાંભા, બગસરા, રાજુલા સહિતના પંથકમાં હળવાથી લઈ ધોધમાર સાડાચાર ઈંચ વરસાદ પડ્યો હતો. અમરેલી પંથકમાં ગઈકાલ સવારેથી શરૂ થયેલા દિવસે મેઘાવી માહોલ જામતા અમરેલી શહેરમાં હળવા ભારે વરસાદી ઝાપટા પડતાં શહેર ગ્રામ્ય વિસ્તારોમાં ધીમીધારે વરસાદથી પાણી ભરાયાં હતા. જ્યારે અમરેલી તાલુકાના લાલાવદર, લીલીયાનું ગોઢાવદર, શેઢાડા, સલડી ગામોમાં મેઘમહેર જોવા મળી હતી.

બગસરા પંથકમાં ગામડાઓમાં હડાળા, માવજીજવા, બાલાપુર, પીઠડીયા, જુના વાઘણીયા, ખારી, ખીજડીયા, ચારણ પીપળી ગામોમાં ઘોઘમાર વરસાદ પડ્યો હતો.

લીલીયા શહેરમાં લીલીયાના



ગ્રામ્ય વિસ્તાર અંટાળીયા, કણકોટ, ભેંસવડી સહિતના ગામોમાં ધોધમાર વરસાદ પડતા લીલીયા ગ્રામ્યના ખેતરો પાણીમાં તરબતર થયા હતા. જ્યારે લીલીયાની બજારોમાં વરસાદી પાણી ભરાતા વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા.

બાબરામાં પંથકમાં પણ બપોર બાદ ફરી બીજા રાઉન્ડની ઈનિંગ શરૂ કરી મેઘરાજાની ધમાકેદાર શરૂઆત થવા પામી હતી. બાબરા શહેર ઉપરાંત તાલુકાના ગમાં પીપળીયા, ચમારડી, વાલરડી, વાવડી, જીવાપર, પીરખીજડિયા, ચરખા સહિતનાં ગામડાઓ પણ ધોધમાર વરસાદ વરસી પડ્યો હતો. જ્યારે બાબરા સિમ વિસ્તારમાં અને ઉપરવાસમાં ધોધમાર વરસાદથી નિલવડા રોડ પર આવેલ મેલડીમાં તળાવમાં નવા નીર આવ્યા હતા.

લાઠી ગ્રામ્ય પંથકમાં પણ આજે ઘોઘમાર વરસાદ ખાબકયો હતો. લાઠીના કાચરડી ગામે વરસાદ પડતા કાચરડી ગામના પાદરમા વરસાદી પાણી ફરી વળ્યા હતા. ઉપરાંત દામનગર શહેરમાં પણ ધોધમાર વરસાદ પડ્યો હતો. ત્યારે દામનગરમાં વરસાદી પાણીમાં નાહવાની મજા બાળકો માણતા જોવા મળ્યા હતા.

અમરેલી જિલ્લા ફલડ કંટ્રોલ રૂમ ખાતે ગઈકાલ સવારથી સવારે ૬ વાગ્યાથી આજે સવારે ૬ વાગ્યા સુધીમાં વડીયામાં ૭૯ મી.મી; બાબરા ૧૧૩ મી.મી; લાઠી ૨૩ મી.મી; અમરેલી ૯ મી.મી; બગસરા ૧૮ મી.મી; ધારી ૫ મી.મી; સાવરકુંડલા ૫ મી.મી; તથા ખાંભા ૪ મી.મી; જાફરાબાદ ૨૮ મી.મી; રાજુલા ૧૪ મી.મી; વરસાદ નોંધાયો હતો.

## ઉપલેટા નગરપાલિકા તંત્રની પ્રિમોન્સૂન કામગીરીની થઈ ગઈ પોલ છતી

### સિમેન્ટ રોડમાં પાણી ભરાતા હોવાની વર્ષો જૂની ફરિયાદનું કોઈ તસ્દી લેવા જ નથી આવ્યુંઃ સ્થાનિકોની રાવ





**(આશિષ લાલકિયા દ્વારા)**

ઉપલેટા,તા.૧

હાલ ચોમાસાની સિઝન જામી ચૂકી છે અને સમગ્ર રાજ્ય સહિત વિવિધ વિસ્તારોની અંદર વરસાદ પડી રહ્યા છે. આ વરસાદ પહેલા જવાબદાર તંત્ર દ્વારા પ્રિમોન્સૂન કામગીરી કરવા માટેની તંત્ર તરફથી ઉચ્ચકક્ષાની સૂચનાઓ આપવામાં આવતી હોય છે ત્યારે આ કામગીરીઓ માત્ર ને માત્ર કાગળ પર થતી કામગીરીનો અહેવાલ પ્રસિદ્ધ કરાતા જવાબદાર અધિકારી ઉપર ઉચ્ચ કક્ષાએથી દબાણ આવ્યું છે. આ દબાણની સાથે-સાથે હજુ પણ કેટલાક એવા વિસ્તારો છે કે જ્યાં કામગીરી કરવામાં જ નથી આવી કે કોઈ જોવા, જાણવા કે સમસ્યા સાંભળવા જ નથી આવ્યા તેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે જેના કારણે પ્રિમોન્સૂન કામગીરીમાં ઉપલેટા નગરપાલિકા તંત્ર દ્વારા કરવામાં આવેલી કામગીરી માત્ર કાગળ પર જ કરવામાં આવતી હોય અને ખોટા બીલો બનાવી પૈસાઓ પાસ કરવામાં આવતા હોવાના ગંભીર રાક્ષેપો સ્થાનિકો દ્વારા લગાવવામાં આવ્યા છે.

બાળકોની આંગણવાડીમાં પણ સમસ્યા હોવાની લેખિત ફરિયાદ કરી હોવાનું પણ સામે આવ્યું છે જેમાં નગરપાલિકા તંત્ર દ્વારા વિતરણ કરવામાં આવતું પાણી ગંદુ અને ડહોળું પાણી હોવાની ફરિયાદને લઈને લેખિત આંગણવાડી કર્મચારીઓ તેમજ સ્થાનિક લોકોની સંયુક્ત રીતે ફરિયાદ કરાઈ છે તો સાથે જ આંગણવાડીના પ્રવેશ દ્વાર પાસે જ પાણીના ખાબોચિયાને કારણે ગંદકી અને માંદગી ઉદ્ભવી રહી હોવાની પણ ફરિયાદ છે ત્યારે ઉપલેટા નગરપાલિકા તંત્રમાં જાણે અધિકારી રાજ હોઈ અને ''અંધેરી નગરી અને ગંડુ રાજ'' હોવાના અનેક પ્રકરણો સામે આવી રહ્યા છે જો કે ઉપલેટા નગરપાલિકાના મુખ્ય અધિકારી આ પ્રકારની ફરિયાદોના મામલે પોતાની મોટી મોટી છતીઓ અને પોલ તેમજ બેદરકારી ખુલ્લી ન પડે તે માટે મીડિયા સમક્ષ કોઈપણ માહિતીઓ કે વિગતો આપવાથી છેલ્લા ઘણા સમયથી છટકી રહ્યા છે ત્યારે આ મામલે ચીફ ઓફિસરની અન આવડત અને કામ ન કરવાની આળસ સ્પષ્ટ રીતે દેખાઈ રહી હોવાનું તેવું પીડિત વિસ્તારોના નગરજનોએ તંત્ર પર ખુલ્લા ગંભીર આક્ષેપો કર્યા છે ત્યારે અહીંયા જો તંત્ર પોતાને સોંપવામાં આવેલ કામગીરી નહીં કરે અને જવાબદારીઓ નહિ પૂર્ણ કરે તો આગામી દિવસોમાં પુરાવા સાથે ગાંધીનગરમાં ફરિયાદ કરવામાં આવશે અને તે માટેની તૈયારીઓ થઈ રહી હોવાનું પણ સ્થાનિક સૂત્રો પાસેથી માહિતીઓ પ્રાપ્ત થઈ છે.

## જસદણ પંથકમાં બે ઈંચ વરસાદ



**(ધર્મેશ કલ્યાણી દ્વારા)**

જસદણ,તા.૧

જસદણ શહેરમાં ગઈકાલે મોડી રાતથી આજે સવાર સુધીમાં ૫૨ એમએમ એટલે કે બે ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો. જસદણમાં આજે વહેલી સવારે ચાર વાગ્યાથી લઈને ૧૦ વાગ્યા સુધીમાં ૩૨ એમએમ તથા ગઈકાલે રવિવારે પડેલો ૨૦ એમએમ મળી છેલ્લા ૨૪ કલાકમાં બે ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો. જસદણમાં વરસાદ પડતા જ ચીતલિયા રોડ, આટકોટ રોડ, તરગાળા શેરી, લાતી પ્લોટ, સમાત રોડ, વિંછીયા રોડ સહિતના વિસ્તારોમાં પાણી ભરાયા હતા. જસદણ શહેર ઉપરાંત તાલુકાના જંગવડ, જીવાપર, આટકોટ, બાખલવડ, ગોખલાણા, કનેસરા, લીલાપુર, ભાડલા, પોલારપર, કુંદણી, શિવરાજપુર, માધવીપુર, ગઢડીયા, સહિતના ગામડાઓમાં પણ સર્વત્ર એક થી બે ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો.

## ભુજઃ વીજ ટ્રાન્સફોર્મરની નુકશાની અને અન્ડરગ્રાઉન્ડ કેબલ ફોલ્ટની મુલાકાત લેતા પ્રીતિ શર્મા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૧

પીજીવીસીએલનાં મેનેજિંગ ડિરેક્ટર પ્રીતિ શર્મા રૂબરૂ ભુજ શહેરના વિસ્તારોમાં જેવા કે વીજળી પડવાથી થયેલ લાઈન તેમજ વિજ ટ્રાન્સફોર્મરની નુકસાની અને અન્ડરગ્રાઉન્ડ કેબલ ફોલ્ટના સ્થળોની મુલાકાત લઈ તેમજ ફોલ્ટ નિવારણની કામગીરી સ્થળ ઉપર રૂબરૂ નિહાળી અને તાંત્રિક સુધારા માટે નીચે મુજબના સૂચનો અને તે મુજબ તાત્કાલીક ધોરણે કામ કરવાની મંજૂરી આપેલ છે.

ભુજ શહેરના લાલન, હિલ ગાર્ડન, ટાઈમ સ્કેવેર અને પોલીટેકનીક ફીડરની રીંગ પાવરની વ્યવસ્થાની પરિક્ષણ કરી જે સ્થળે ઓવરહેડ લાઈન છે તે જગ્યાનો હૈયાત આશરે ૮ કિમી કંડકટરને ડોગ કંડકટરમાં રુપાંતરણ કરવાની સુચના આપેલ. ભુજ શહેરના જુદા જુદા વિસ્તારના ટ્રાન્સફોર્મરની હળવા દબાણની એરિઅલ બંચ કેબલ કે જ્યાં ઓવરલોડીંગ અને ફ્લાક્ચ્યુએશન ન થાય તે માટે ૩૪ sqmm ની જગ્યા એ ૫૦ sqmm ની સાઈઝમાં રૂપાંતર કરવા માટે જરૂરી કેબલના ૮ drum રાજકોટ થી ભુજ તાત્કાલિક રવાના કરાવેલ અને બદલાવાની કામગીરી શરૂ કરવા માટે સૂચન આપેલ છે તેમજ હજુ વધારે માલમત્તા તાત્કાલિક ધોરણે પહોચતું કરવા વ્યવસ્થા કરાવેલ છે.

ભુજ વર્તુળ કચેરીના નવા આવેલા અધિક્ષક ઈજનેર બી.સી.રાઠોડને અગાઉ માંગરોળ અને રાજકોટમાં આવા પ્રકારની કામગીરીનો બહોળો અનુભવ હોઈ ત્વરિત કામગીરી ચાલુ કરી દેવામાં આવેલ.

## દામનગર વેજનાથનગર સોસાયટીમાં ૧૭૫ થી વધુ વૃક્ષોનું ટી ગાર્ડ સાથે વૃક્ષારોપણ

**(નટવરલાલ ભાતિયા દ્વારા)**

દામનગર,તા.૧

દામનગર શહેરની શ્રી વેજનાથનગર સોસાયટીમાં



દામનગર સુરત મિત્ર મંડળ દ્વારા વૃક્ષ ઉછેરની મહત્તા સાથે આજે વૃક્ષારોપણ કરાયું હતું ૧૭૫ થી વધુ વૃક્ષોને પાંજરા સાથે વૃક્ષ ઉછેરની જવાબદારી સાથેનું વૃક્ષારોપણ કરાયું સુરતથી યુવાનોની ટીમ માદરે વતન આવી પહોંચી હતી સમગ્ર વેજનાથનગર સોસાયટીમાં ૨૦ -૨૦ ફુટ ના અંતરે ઉપીયોગી અને ઔષધીય ગુણ ધરાવતું વૃક્ષારોપણ કર્યું હતું.

## ૩ જુલાઈ, 'પ્લાસ્ટિક બેગ ફ્રી ડે'

પ્લાસ્ટિકની શોધ ઇ.સ ૧૮૬૨માં ઇંગ્લેન્ડનાં એલેકઝાન્ડર પાર્કસે કરી હતી. પ્લાસ્ટિક એ આજની સૌથી વધુ વપરાતી સામગ્રીમાંની એક છે. આજે પ્લાસ્ટિક બેગ તાકીદની જરૂરિયાત બની ગઈ છે. તેના અનુકૂળ સ્વભાવને કારણે રોજિંદા જીવનમાં તેનો ઉપયોગ વધી રહ્યો છે. રોજિંદી પ્રવૃત્તિઓથી સંબંધિત બધી પ્રવૃત્તિઓમાં પ્લાસ્ટિકની ભૂમિકા હોય છે. મોબાઇલ, ટીવી, ફ્રિજ, એસી, ખુરશી, ટેબલ, કમ્પ્યુટર વગેરે જેવી સંખ્યાબદ્ધ વસ્તુઓ છે જે પ્લાસ્ટિકની બનેલી હોય છે, પરંતુ પ્લાસ્ટીક એ નાશ ન થઈ શકે તેવું પ્રદૂષણ છે અને તે જમીન, પાણી અને હવાને પ્રદૂષિત કરે છે એટલે કે સમસ્ત પર્યાવરણને નુકસાન કરે છે. ગમે ત્યાં ફેંકી દીધેલી પ્લાસ્ટીકની થેલીઓ અન્ય ખોરાકની સાથે ખાઈ જવાથી અનેક પશુઓ પણ મોતને ભેટે છે અને આ મૃત પશુઓનાં અવશેષો નાશ પામ્યા બાદ પણ



પ્લાસ્ટીક જેમનું તેમ રહે છે. પ્લાસ્ટીકનો નાશ થતાં ૧૦૦૦ વર્ષ લાગે છે. તેને બાળવાથી પણ તે પર્યાવરણમાં ડાયોકસીન સહિત હાનિકારક વાયુઓ છોડે છે. પર્યાવરણ માટે ભારોભાર નુકસાનકારક એવા પ્લાસ્ટીકની બેગનો ઉપયોગ દિનપ્રતિદિન વધી રહ્યો છે. જાગૃત નાગરિક તરીકે પર્યાવરણ અને આરોગ્ય માટે ખુબ જ હાનિકારક એવા પ્લાસ્ટીકની બેગનો ઉપયોગ ટાળીને દરેક વ્યક્તિ પર્યાવરણને બચાવે તે હાલનાં ગ્લોબલ વોર્મિંગનાં સમયની માંગ છે. વર્તમાન સમયમાં પ્લાસ્ટિકનો વપરાશ સતત વધતો જાય છે.પ્લાસ્ટિક પ્રદૂષણથી ખોરાક અને પાણી પણ બાકાત રહયા નથી. પ્લાસ્ટિક બેગનો યૂઝ માત્ર એક મીનિટમાં થઇ જાય છે પરંતુ તેને પૃથ્વીમાં સડતા એક હજાર વર્ષ જેટલો સમય લાગે છે. જેમ બને એમ પ્લાસ્ટિક બેગનો ઉપયોગ ટાળીને કાપડની બનેલી થેલીઓનો જ ઉપયોગ કરવો જોઈએ. રોજીંદા જીવનમાં પ્લાસ્ટિકની સ્ટીકવાળા ઈયરબડ્સ, કટલેરી, બલુન માટે પ્લાસ્ટિક સ્ટીક, પ્લાસ્ટિકનાં ઝંડા, પ્લાસ્ટિકની પ્લેટ, કેન્ડી સ્ટીક, કપ, આઈસ્ક્રીમ સ્ટીક, સિગારેટનું પેકેટ, કાંટા, ટ્રે, ચમચી, રેપ કે પેક કરવાની ફિલ્મ, ચપ્પુ વગેરેનો ઉપયોગ ટાળવો જોઈએ. હવે જાગૃત થવાનો વારો લોકોનો છે. પ્લાસ્ટિકનો તિરસ્કાર, પર્યાવરણનો પુરસ્કાર કાપડની થેલીનો જ ઉપયોગ કરીએ

**– મિત્તલ ખેતાણી**
**(૯૮૨૪૨ ૨૧૯૯૯)**

રાજ્યમાં આગામી ચાર દિવસ સાર્વત્રિક વરસાદની હવામાન વિભાગે આગાહી કરી

# રાજકોટ, અમરેલી સહિતના જીલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ



જામનગર, દ્વારકા, જૂનાગઢ, પોરબંદર સહિતના જીલ્લામાં રેડ એલર્ટ


રાજકોટ, તા.૧

હવામાન વિભાગની આગાહી મુજબ કચ્છ, જામનગર, દ્વારકા, જૂનાગઢ, પોરબંદર, સુરત, નવસારી, વલસાડ, દમણ અને દાદરાનગર હવેલીમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. બનાસકાંઠા, પાટણ, મોરબી, રાજકોટ, અમરેલી, ભાવનગર, ગીરસોમનાથ, ભરૂચ, વડોદરા, નર્મદા, દાહોદ, પંચમહાલ, તાપી, ડાંગમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે.

ગુજરાતમાં આજે વહેલી સવારથી જ વરસાદી માહોલ જામ્યો છે. અનેક જિલ્લામાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. રાજ્યમાં છેલ્લા ૬ કલાકમાં ૧૩૪ તાલુકામાં વરસાદ પડ્યો છે. અત્યાર સધીમાં સિઝનનો સરેરાશ ૯.૨૫ ટકા વરસાદ નોંધાયો છે. સૌથી વધુ કચ્છ ૧૪.૬૦ ટકા અને ઉત્તર ગુજરાતમાં સૌથી ઓછો માત્ર ૪.૨૪ ટકા વરસાદ નોંધાયો છે.

ગુજરાતમાં મેઘરાજાએ આજે દક્ષિણ ગુજરાતને ઘમરોળી દીધુ છે, સુરત શહેર તથા સુરતના તાલુકાઓમાં મેઘરાજાએ તાંડવ મચાવી ૬ ઈંચથી વધુ વરસાદ વરસાવતા ઠેર ઠેર રોડ રસ્તા પાણી પાણી થઈ ગયા હતા. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. વાહન ચાલકો પાણી ભરાતા મુશ્કેલીમાં મુકાયા હતા. ત્યારે હવામાન વિભાગે આગામી દિવસ માટે પણ વરસાદની આગાહી કરી છે, તો જોઈએ હજુ આજે અને આવતીકાલે ક્યાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે.

તો હવામાન વિભાગ કહે છે કે,એક ટ્રફ ઉત્તર પૂર્વ સમુદ્રથી દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠેથી ઉત્તર પશ્ચિમ બિહાર થઈને મધ્ય પ્રદેશ સુધી સરેરાશ દરિયાની સપાટીથી ૫.૮ કિમી ઉપર ચક્રવાતી પરિભ્રમણ પાર કરે છે. તો એક ચક્રવાતી પરિભ્રમણ ઉત્તર ગુજરાત અને પડોશમાં સરેરાશ દરિયાની સપાટીથી ૩.૧ અને ૪.૫ કિમીની વચ્ચે આવેલુ છે. આ બાજુ સૌરાષ્ટ્ર અને કચ્છને અડીને આવેલા ઉત્તર પૂર્વ સમુદ્ર પરનું ચક્રવાતી પરિભ્રમણ હવે દરિયાની સપાટીથી સરેરાશ ૧.૫ કિમી ઉપર કચ્છને અડીને આવેલા દક્ષિણ પૂર્વ પાકિસ્તાન પર છે.




હવામાન વિભાગ દ્વારા આજે સમગ્ર ગુજરાત રાજ્યમાં મેઘગર્જના સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. આ સાથે જ રાજ્યના ઉત્તર અને મધ્ય ભાગને છોડીને અન્ય તમામ જિલ્લાઓમાં યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

## રાજકોટ જિલ્લાનાં ૮ ડેમોમાં છેલ્લા ૨૪ કલાકમાં નવા નીરની આવક

ભાદર-૨મા અંદાજે ૪ ફુટની આવક



રાજકોટ તા.૧

રાજકોટ જિલ્લામાં સાર્વત્રિક વરસાદના પગલે કુલ ૦૮ ડેમોમાં ૨૪ કલાકમાં નવા નીરની આવક થઇ છે. જેમાં મોજ ડેમ ૦.૯૮, ફોફળ ડેમ ૦.૫૯ ફૂટ, આજી-૧ ડેમ ૦.૧૩ ફૂટ, આજી-૨ ડેમ ૦.૨૩ ફૂટ, સુરવો ડેમ ૦.૩૩ ફૂટ, ન્યારી-૨ ડેમ ૦.૩૩, છાપરાવાડી-૨ ડેમ ૩.૨૮ ફૂટ અને ભાદર-૨ ડેમ ૩.૯૪ ફૂટ નવા નીરની આવક થઇ છે.

આ સાથે રાજકોટ જિલ્લાના જળાશયના કેચમેન્ટ વિસ્તારમાં નોંધાયેલ સૌથી વધુ વરસાદ ભાદર-૨ ડેમમાં ૭૦ મી.મી,છાપરાવાડી-૨ ડેમમાં ૪૦ મી. મી, ફોફળ ડેમમાં ૮૭ મી.મી., મોજ ડેમમા ૫૦ મી.મી, આજી-૧ ડેમમાં ૧૦મી.મી, આજી-૨ ડેમમાં ૧૦ મી.મી., સુરવો ડેમમાં ૩૫ મી.મી. વરસાદ થયો છે, તેમ રાજકોટ સિંચાઈ વર્તુળ પુર એકમની યાદીમાં જણાવાયું છે.

### રાજકોટ જિલ્લામાં સવારે ૬થી ૧૦ સુધીમાં ૩૦ મિમિ વરસાદ નોંધાયો

આજે ધોરાજીમાં સૌથી વધુ ૭૫ મિમિ, સૌથી ઓછો લોધિકામાં સૌથી ઓછો ૮ મિમિ વરસાદ

રાજકોટ તા.૧

રાજકોટ જિલ્લામાં આજે સવાર ૬થી ૧૦ કલાક સુધીમાં લઈને ૩૦ મિમિ વરસાદ નોંધાયો છે. જ્યારે અત્યાર સુધીમાં કુલ ૧૩૪.૪૫ મિમિ વરસાદ વરસ્યો છે.

રાજકોટ જિલ્લા કંટ્રોલ રૂમની યાદીમાં જણાવાયા પ્રમાણે, પડધરી તાલુકામાં સવારે ૧૦ કલાક સુધીમાં ૩૬ મિમિ, રાજકોટમાં ૧૭ મિમિ, લોધિકામાં ૦૮ મિમિ, કોટડા સાંગાણીમાં ૨૨ મિમિ, જસદણમાં ૧૬ મિમિ, ગોંડલમાં ૧૭ મિમિ, જામ કંડોરણામાં ૩૫ મિમિ, ઉપલેટામાં ૫૭ મિમિ, ધોરાજીમાં ૭૫ મિમિ, જેતપુરમાં ૩૧ મિમિ તથા વિંછિયામાં ૧૬ મિમિ વરસાદ વરસ્યો છે.

જ્યારે જિલ્લાના ૧૧ તાલુકામાં આજના દિવસ સુધીમાં કુલ મળીને ૧૩૪.૪૫ મિમિ વરસાદ વરસ્યો છે. જેમાં પડધરી તાલુકામાં ૧૦૬ મિમિ, રાજકોટમાં ૧૨૬ મિમિ, લોધિકામાં ૧૦૯ મિમિ, કોટડા સાંગાણીમાં ૧૩૨ મિમિ, જસદણમાં ૮૧ મિમિ, ગોંડલમાં ૧૫૮ મિમિ, જામ કંડોરણામાં ૧૪૪ મિમિ, ઉપલેટામાં ૧૩૭ મિમિ, ધોરાજીમાં ૨૦૮ મિમિ, જેતપુરમાં ૨૨૨ મિમિ તથા વિંછિયામાં ૫૬ મિમિ વરસાદ વરસ્યો છે.

### રાજકોટ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૩૫૫ મી.મી વરસાદ

સૌથી વધુ જેતપુર તાલુકામાં ૯૩ મી.મી વરસાદ

રાજકોટઃ હવામાન વિભાગની આગાહી અનુસાર હાલ સમગ્ર રાજ્યમાં સાર્વત્રિક વરસાદ જોવા મળી રહ્યો છે ત્યારે રાજકોટ જિલ્લામાં જોરદાર વરસાદ નોંધાયો છે. જે મુજબ છેલ્લા ૨૪ કલાકમા કોટડા સાંગાણીમાં ૪, જામકંડોરણામાં ૭૧, લોધિકામા ૯, જેતપુર ૯૩, ધોરાજી ૭૨, જસદણમા ૩૦, ગોંડલમા ૨૫, ઉપલેટા ૩૩, વિંછીયા ૧૧, રાજકોટ શહેરમા ૭ મી.મી. વરસાદ કુલ ૩૫૫ મી.મી વરસાદ નોંધાયો છે, તેમ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ,કલેક્ટર કચેરી રાજકોટની યાદીમાં જણાવાયું છે.

### રાજકોટના આજી-૨ ડેમમાં જળસ્તર જાળવવા એક દરવાજો ૦.૧૫ મીટર ખોલાયો

હેઠવાસના ગામોને નદી વિસ્તારમાં અવરજવર નહીં કરવા તાકીદ

રાજકોટઃ રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકા પાસે આવેલો આજી-૨ ડેમ તેની પૂર્ણ સપાટીએ ભરાતા રૂલ લેવલ જાળવવા ૧ દરવાજો ૦.૧૫ મીટર સવારે ૯.૧૪ કલાકે ખોલવામાં આવ્યો છે. આથી પડધરી તાલુકાના અડબાલકા, બાધી, દહીંસરડા, ડુંગરકા, ગઢડા, હરીપર, ખંઢેરી, નારણકા, સખપર તથા ઉકરડા (જુઓ.પાનું.૫)

## જેતલસરમાં યુવકે ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

રાજકોટ,તા.૧ઃ જેતલસરમાં રહેતાં કપીલભાઈ બગડાએ ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. પુત્રીએ પિતાની છત્રછાયા ગુમાવતા તેઓનાં પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. બનાવની વિગત મુજબ જેતલસર ગામમાં ડેડરવારોડ આંબેડકરનગરમાં રહેતાં કપીલભાઈ મનસુખભાઈ બગડા (ઉ.વ.૨૯) નામનો યુવક ૨૯-૬ ના રોજ સવારે પોતાનાં ઘરેથી કુદરતી હાજતે જવાનું કહી નિકળ્યો હતો. બાદ ત્યાં ગામમાં આવેલ વીઆઈટી કોલેજમાં જઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લીધો હતો. બાદ યુવકને જેતપુરમાં સંજીવની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બાદ વધુ સારવાર માટે જેતપુર સરકારી હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા યુવકનાં પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી.

## નવા કાયદાના અમલીકરણમાં આજીડેમ પોલીસ મથકમાં પ્રથમ ગુનો નોંધાયો

રાજકોટ, તા.૧

આજથી પોલીસ તંત્રમાં સુવર્ણ યુગનો પ્રારંભ થવાં જઈ રહ્યો છે. અંગ્રેજો વખતના કાયદામાં ધરખમ ફેરફાર આજથી થઈ રહ્યા છે. આજનો દિવસ પોલીસ તંત્ર ઐતિહાસિક દિવસ હશે. ગુલામીની તમામ નિશાનીઓનો અંત લાવવના હેતુથી અંગ્રેજો દ્વારા ઘડવામાં આવેલા અને બ્રિટિશ સંસદ દ્વારા પસાર કરવામાં આવેલા ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦, ફોજદારી કાર્યરીતિ સંહિતા, (૧૮૯૮), ૧૯૭૩ અને ઇન્ડિયન એવિડન્સ એક્ટ, ૧૮૭૨ ને રદ કરીને ૩ નવા બિલ લાવવામાં આવ્યા છે.

જેમાં હવે ભારતીય દંડ સંહિતા (આઈપીસી)નું સ્થાન ભારતીય ન્યાય સંહિતા લેશે, ફોજદારી કાર્યરીતિ સંહિતાનું સ્થાન ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, લેશે અને ભારતીય પુરાવા અધિનિયનું સ્થાન ભારતીય સાક્ષ્ય વિધેયક લેશે. જે નવા કાયદાના અમલીકરણમાં આજીડેમ પોલીસ મથક રાજકોટ શહેરમાં પ્રથમ ગુનો નોંધ્યો છે.




જેમાં મહિકા ગામમાં સીમ જમીન સેઢા મામલે થયેલ મારામારીના બનાવમાં ખૂની હુમલાની કલમ ૩૨૬(૨) ની જગ્યાએ ૧૧૮ (૧), ૩૨૩ ની જગ્યાએ ૧૧૫(૨) અને ધમકીની કલમ ૫૦૪ ના સ્થાને ૩૫૨ તેમજ મદદગારીમાં ૧૧૫ ના બદલે ૫૪ લગાડવામાં આવી છે.

બનાવ અંગે મહિકા ગામમાં બાલાજી સ્ટોન ક્રશરથી આગળ રહેતાં સવજીભાઈ ખીમજીભાઈ ગોહેલ (ઉ.વ.૫૯)એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે તેના કૌટુંબિકભાઈ રવજી ચકુ ગોહેલ, ભત્રીજો પ્રફુલ રવજી ગોહેલ, ભાવેશ જગદીશ ગોહેલ અને હેમંત મનસુખ ગોહેલનું નામ આપતા આજીડેમ પોલીસે ભારતીય ન્યાય સંહિતા (બી.એન.એસ.)ની કલમ ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨,૫૪ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ખેતીકામ કરે છે અને આરોપી કૌટુંબિક ભાઈ રવજીની જમીન પણ તેની બાજુમાં જ આવેલ છે. આરોપી રવજી અને તેનો પુત્ર તેમજ ભત્રીજાઓ ફરિયાદીની સીમ જમીન પર જવાના રસ્તામાં પોતાની વાડીમાંથી પથ્થર કાઢી તેમાં નાંખતા હતાં. જે મામલે ફરિયાદીએ આરોપી રવજીને ટપાર્યો હતો કે, અમારો રસ્તો બંધ થઈ જાય છે, માટે રસ્તામાં પથ્થર નાંખતો નહીં.

જે મામલે આરોપી રવજી ઉશ્કેરાયો હતો અને પોતાના પુત્ર અને ભત્રીજા સાથે ઇક્કો કાર અને રીક્ષામાં વાડીએ ઘસી આવ્યા હતાં અને ફરીયાદી સાથે ઝઘડો કરી કુહાડીથી હુમલો કરી દિધો હતો. તેમજ અન્ય આરોપીએ પણ ઢીકાપાટુનો બેફામ મારમારી જાનથી મારી નાંખવાની ધમકી આપી આરોપી નાસી છૂટ્યા હતાં. બનાવમાં ગંભીર રીતે ઘાયલ થયેલ ખેડૂતને સારવારમાં અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. બનાવ અંગે આજીડેમ પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

## રાજકોટ માર્કેટયાર્ડના નવા પદાધિકારીઓ પસંદ કરવા બુધવારે સેન્સ



યાર્ડના ચેરમેન પદ માટે વર્તમાન ચેરમેન જયેશ બોઘરાનું નામ સૌથી આગળ

રાજકોટ, તા.૧

ભાજપના પ્રભુત્વ હેઠળની રાજકોટની બેડી માર્કેટયાર્ડના ચેરમેન અને વાઇસ ચેરમેનની અઢી વર્ષની મુદત પૂરી થતા નવા પદાધિકારીઓ પસંદ કરવા તા. ૫ જુલાઇએ સવારે ૧૧ વાગ્યે ચૂંટણી યોજાનાર છે. ચૂંટણી અધિકારી તરીકે જામનગર જિલ્લા રજીસ્ટ્રાર નિર્મળસિંહ ગોહિલ રહેશે. ભાજપે સેન્સ લઇને નવા પદાધિકારીઓ પસંદ કરવાની પધ્ધતિ અપનાવી છે. પ્રદેશ ભાજપ દ્વારા નિરીક્ષક તરીકે જામનગરના પૂર્વ મેયર અમીબેન પરિખ, જામનગર શહેર ભાજપના પૂર્વ પ્રમુખ હસમુખ હિંડોચા અને જુનાગઢ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમીટીના ભૂતપૂર્વ ચેરમેન પ્રદીપ ખીમાણીની નિમણુંક કરવામાં આવી છે. તેઓ તા. ૩ બુધવારે બપોર પછી જિલ્લા કાર્યાલય ખાતે સેન્સ લેશે. યાર્ડના ડીરેકટરો, ધારાસભ્યો, સાંસદો અને સંબંધિત તાલુકામાં રહેતા પ્રદેશ-જિલ્લાના હોદેદારોની સેન્સ લેવામાં આવશે.

યાર્ડના ચેરમેન પદ માટે વર્તમાન ચેરમેન જયેશ બોઘરાનું નામ સૌથી આગળ છે. પરસોતમ સાવલિયા અને વિજય કોરાટનું નામ પણ ચર્ચામાં છે. ભાજપમાં જુથવાદનો પ્રભાવ સેન્સ વખતે પડવાની શક્યતા છે. હાલ વાઇસ ચેરમેન પદે વસંતભાઇ પટેલ છે. ભાજપના અમૂક આગેવાનો વેપારી વિભાગના ૧ ડીરેકટરો પૈકી કોઇને વાઇસ ચેરમેન પદ માટે દાવેદાર બનવા 'પ્રેરણા' પૂરી પાડી રહ્યાનું જાણવા મળે છે.

## ગોંડલ માર્કેટ યાર્ડમાં વર્તમાન સુકાનીઓ રીપીટ

ચેરમેન પદે અલ્પેશ ઢોલરીયા તથા વાઇસ ચેરમેન પદે ધર્મેન્દ્રસિંહ

ગોંડલ, તા.૧

ગોંડલ માર્કેટ યાર્ડમાં અઢીવર્ષનાં સાશનની સમય મર્યાદા પુર્ણ થતા નવા અઢીવર્ષ માટે વર્તમાન ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયા તથા વાઇસ ચેરમેન ધર્મેન્દ્રસિંહ જાડેજા ફરી રીપીટ થયાછે.

જીલ્લા રજીસ્ટ્રારની ઉપસ્થિતિમાં યોજાયેલી ચુંટણીમાં અલ્પેશભાઈ ઢોલરીયા તથા ધર્મેન્દ્રસિંહ જાડેજા



બીનહરીફ જાહેર થયા હતા.

સૌરાષ્ટ્ર ગુજરાતનાં આધુનિક અને અગ્રીમ ગણાતા ગોંડલ માર્કેટ યાર્ડનાં ફરી રીપીટ થયેલા ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયાએ (જુઓ.પાનું.૫)




## જસદણના નાની લાખાવડમાં પતિની હત્યા પત્નીના હાથે

પોલીસ કાફલો ઘટના સ્થળેઃ આરોપી સકંજામાંઃ પુત્ર પણ હત્યામાં સામેલ હોવાની શંકાએ તપાસ

જસદણ, તા.૧

જસદણના નાની લાખાવડ ગામમાં ગૃહ કંકાસના કારણે વિફરેલી પત્નીએ પતિને પોતાના રૂમમાં જ દાંતરડા અને કુહાડીના ઘા ઝીંકી હત્યા નિપજાવતા નાના એવા ગામમાં ખળભળાટ મચી ગયો હતો. બનાવની જાણ થતાં જસદણ પોલીસ મથકના પીઆઈ સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને મહિલા આરોપીને સકંજામાં લઈ પૂછતાછ હાથ ધરી હતી. હત્યા થયેલ ખેડૂતનો પુત્ર પણ ખૂની હુમલામાં સામેલ હોવાની શંકાએ પોલીસે તેમની પણ પૂછતાછ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ, જસદણના નાની લાખાવડ ગામમાં સિમ વિસ્તારમાં રહેતી વલ્લભભાઈ અરજણભાઈ બાવળીયા (ઉ.વ.૪૮) તે તેમના પુત્ર અને પત્ની સાથે વાડીએ જ રહે છે. કાલે રાતે પોતે ઘરે હતાં ત્યારે મોડી રાતે કોઈ બાબતે તેની પત્ની સાથે ઝઘડો થયાં બાદ ઉશ્કેરાયેલ તેની પત્નીએ દાંતરડા અને કુહાડીના ઘા તેમના પતિ પર ઝીંકી દિધા હતાં.

જે બાદ ગંભીર રીતે ઘવાયેલા ખેડૂતે ત્યાં જ દમ તોડી દિધો હતો. બનાવ અંગે જસદણ પોલીસને જાણ થતાં પીઆઈ ટી. બી. જાની સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહ પીએમમાં ખસેડી ખેડૂતની હત્યા નિપજાવનાર તેની પત્નીને સકાંજામાં લઈ સઘન પૂછતાછ હાથ ધરી હતી.

વધુંમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, દંપતી વચ્ચે ઘણાં સમયથી ગૃહક્લેશ ચાલતો હતો અને કાલે રાતે પણ દંપતી વચ્ચે ઝઘડો થતાં પત્નીએ ખૂની હુમલો કરી પતિને મોતને ઘાટ ઉતારી દિધો હતો. બનાવમાં તેનો પુત્ર પણ સામેલ હોવાની શંકાએ તેની પણ સઘન પૂછપરછ કરવામાં આવી રહી છે.

### આરોગ્યમ હોસ્પિટલના સંચાલક તબીબ સાથે રૂ.૬.૪૦ લાખની ઠગાઇની ફરિયાદ

રાજકોટ, તા.૧

શહેરમાં ૧૫૦ ફૂટ રિંગ રોડ પર બાલાજી હોલ પાસે આરોગ્યમ હોસ્પિટલના સંચાલક તબીબના મેડિકલ સ્ટોરમાં કામ કરતા પૂર્વ કર્મચારી સહિત બે શખ્સએ રૂ.૬.૪૦ લાખની છેતરપિંડી કર્યાની ફરિયાદ કરતા માલવિયાનગર પોલીસે ગુનો નોંધી આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.

રૈયા રોડ પર પેસિફિક હાઇટ્સ એપાર્ટમેન્ટમાં રહેતા અને આરોગ્ય હોસ્પિટલ ચલાવતા ડો.વિવેક બિપીનભાઇ ખખ્ખરએ તેની હોસ્પિટલના મેડિકલ સ્ટોરમાં કામ કરતો મોટામવા રોડ પર સ્પતક એપાર્ટમેન્ટમાં રહેતો હાર્દિક અનિલકુમાર ભડાણિયા અને જયેશસિંહ (જુઓ.પાનું.૫)




SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.